


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 094
Dt.: 14-12-2025,
Sunday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### ક્રિસમસ સુધીમાં શાંતિ કરાર કરાવવાની ટ્રમ્પની ઈચ્છા

# રશિયા-યુક્રેન યુદ્ધ લાંબુ ચાલશે તો ત્રીજું વિશ્વ યુદ્ધ થશેઃ ડોનાલ્ડ ટ્રમ્પ

### અમેરિકા છેલ્લાં ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધમાં મુખ્ય મધ્યસ્થી તરીકે કામ કરી રહ્યું છે, પરંતુ તેમાં માત્ર વાતો જ થઈ છે



(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લાંબા સમયથી ચાલી રહેલું રશિયા-યુક્રેન યુદ્ધ ત્રીજા વિશ્વ યુદ્ધમાં ફેરવાઈ જવાની આશંકા વ્યક્ત કરી છે. સ્ટેટ લેવલ આર્ટિફિશિયલ રેગ્યુલેશનના પેચવર્કને રોકવાના હેતુથી એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર સહી કર્યા પછી વ્હાઈટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યુ હતું કે, છેલ્લાં એક મહિનામાં માત્ર યુદ્ધમાં ૨૫,૦૦૦ લોકો માર્યા ગયા છે અને તેમાં મોટા ભાગના સૈનિકો હતા. વિશ્વમાં વધી રહેલી હિંસા બાબતે નિરાશા વ્યક્ત કરતા ટ્રમ્પે કહ્યુ હતું કે, આ હત્યાઓ બંધ થવી જોઈએ. તેને અટકતું જોવા માગુ છું અને અમે ખૂબ મહેનત કરી રહ્યા છીએ. આ પ્રકારની ઘટનાઓ ત્રીજા વિશ્વ યુદ્ધનું સ્વરૂપ લઈ શકે છે અને આપણે તેવી સ્થિતિ ઈચ્છતા નથી. અગાઉ વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યુ હતું કે રશિયા-યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને રોકવામાં ધીમી પ્રગતિ થઈ રહી છે અને તેના લીધે ટ્રમ્પ નિરાશ છે. તેઓ માત્ર મીટિંગ કરવાના હેતુથી મીટિંગ કરવા માગતા નથી. કોઈ પરિણામ વગર પૂરી થઈ જતી મીટિંગથી ટ્રમ્પ થાકી ચૂક્યા છે. અમેરિકા છેલ્લાં ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધમાં મુખ્ય મધ્યસ્થી તરીકે કામ કરી રહ્યું છે, પરંતુ તેમાં માત્ર વાતો જ થઈ છે. દરમિયાન યુક્રેનના પ્રમુખ વોલોડિમિર ઝેલેન્સ્કીએ કહ્યુ હતું કે રશિયાનું વર્ચસ્વ ધરાવતા ડોનેટ્સ્ક વિસ્તારમાંથી યુક્રેન પોતાની સેના પરત બોલાવી લે તેવું અમેરિકા ઈચ્છે છે. અમેરિકાના ટોચના અધિકારીઓ સાથે યુક્રેન સિક્યુરિટી ગેરંટી પર વાતચીત કરી રહ્યું છે, જેમાં યુએસને ૨૦ મુદ્દાની કાઉન્ટર પ્રપોઝલ આપવામાં આવી છે અને તેમાં કોઈ પણ વિસ્તારમાં છૂટ માટે નેશનલ રેફરેન્ડમથી મંજૂરી લેવાનું ફરજિયાત કરવાની દરખાસ્ત છે. ક્રિસમસ સુધીમાં શાંતિ કરાર કરાવી દેવાની ટ્રમ્પની ઈચ્છા છે અને તેમાં ૨૦ મુદ્દાના ળેમ વર્કનો પણ સમાવેશ થાય છે.

### અમેરિકાના જ સાંસદોએ સંસદમાં રજૂ કર્યો પ્રસ્તાવ

# ભારત પર ૫૦% ટેરિફ રદ કરો, અમેરિકાની સંસદમાં પ્રસ્તાવ રજૂ

**રશિયન ઓઈલની ખરીદીનો મુદ્દો બનાવીને ભારત પર ઝીંકેલા અધધધ ટેરિફનો હવે અમેરિકામાં જ વિરોધ થવા લાગ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકી પ્રતિનિધિ સભાના ૩ સભ્યોએ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લગાવવામાં આવેલા ભારતથી આયાત કરાયેલા સામાન પર ૫૦ ટકા સુધીના ટેરિફને દૂર કરવાના હેતુસર શુક્રવારે એક પ્રસ્તાવ રજૂ કર્યો. સાંસદોએ આવા ઉપાયોને ગેરકાયદેસર ગણાવ્યા અને તર્ક આપ્યો કે આ અમેરિકી શ્રમિકો, ગ્રાહકો અને દ્વિપક્ષીય સંબંધો માટે હાનિકારક છે. આ પ્રસ્તાવ પ્રતિનિધિ ડેબોરા રોસ, માર્ક વેસી અને રાજા કૃષ્ણમૂર્તિ દ્વારા લાવવામાં આવ્યો છે. આ દ્વિપક્ષીય સેનેટ ઉપાયને અનુરૂપ છે જેનો હેતુ બ્રાઝિલ પર સમાન ટેરિફને સમાપ્ત કરવો અને આયાત ડ્યૂટી વધારવા માટે રાષ્ટ્રપતિની ઈમરજન્સી શક્તિઓના ઉપયોગને મર્યાદિત કરવાનો છે. નિવેદન મુજબ આ પ્રસ્તાવનો હેતુ આંતરરાષ્ટ્રીય ઈમરજન્સી આર્થિક શક્તિ અધિનિયમ (IEEPA)હેઠળ ભારત પર લગાવવામાં આવેલા વધારાના ૨૫ ટકા ટેરિફને રદ કરવાનો છે. આ ટેરિફ ૨૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ લગાવવામાં આવ્યો હતો. જે પહેલા લગાવવામાં આવેલા ટેરિફથી ઘણો વધુ હતો. ટ્રમ્પ સરકારે અનેક ભારતીય મૂળના ઉત્પાદનો પર ડ્યૂટીને કુલ ૫૦ ટકા સુધી વધારી દીધી હતી.

કોંગ્રેસવુમન રોસે જણાવ્યું કે ઉત્તરી કેરોલિનાની અર્થવ્યવસ્થા વેપાર, રોકાણ અને જીવંત ભારતીય અમેરિકી સમુદાયના માધ્યમથી ભારત સાથે ગાઢ જોડાયેલી છે. તેમણે કહ્યું કે ભારતીય કંપનીઓએ રાજ્યમાં એક અબજ ડોલરથી વધુનું રોકાણ કર્યું છે. જેનાથી જીવન વિજ્ઞાન, અને ટેક્નોલોજી જેવા ક્ષેત્રોમાં હજારો નોકરીઓ પેદા થઈ. જ્યારે ઉત્તરી કેરોલિનાના નિર્માતા વાર્ષિક લાખો ડોલરનો સામાન ભારતને નિકાસ કરે છે. કોંગ્રેસી વેસીએ આ ટેરિફને રોજબરોજના ઉત્તર ટેક્સાસના રહીશો પર એક કર ગણાવ્યો જે પહેલેથી જ વધુ ખર્ચા સામે ઝઝૂમી રહ્યા છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે ભારત એક મહત્વપૂર્ણ સાંસ્કૃતિક, આર્થિક અને રણનીતિક ભાગીદાર છે. ભારતીય અમેરિકી કોંગ્રેસી કૃષ્ણમૂર્તિએ કહ્યું કે ટેરિફ પ્રતિઉત્પાદક છે, આપૂર્તિ શ્રૃંખલાઓને ખોરવે છે, અમેરિકી કામદારોને નુકસાન પહોંચાડે છે અને ગ્રાહકો માટે ખર્ચા વધારે છે. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે તેને સમાપ્ત કરવાથી અમેરિકા-ભારત આર્થિક અને સુરક્ષા સહયોગને મજબૂત કરવામાં મદદ મળશે. આ પ્રસ્તાવ કોંગ્રેસના ડેમોક્રેટ્સ દ્વારા ટ્રમ્પના એકતરફથી વેપાર ઉપાયોને પડકારવા અને ભારત સાથે અમેરિકાના સંબંધો ફરીથી સ્થાપિત કરવાના વ્યાપક પ્રયાસનો ભાગ છે. આ અગાઉ ઓક્ટોબરમાં રોસ, વેસી અને કૃષ્ણમૂર્તિએ ૧૯ અન્ય સાંસદો સાથે મળીને રાષ્ટ્રપતિને પોતાની ટેરિફ નીતિઓને પલટી નાખવાનો અને ભારત સાથે તણાવપૂર્ણ દ્વિપક્ષીય સંબંધોને સુધારવાનો આગ્રહ કર્યો હતો. ટ્રમ્પે ૧ ઓગસ્ટથી ભારતીય ઉત્પાદનો પર ૨૫ ટકા ટેરિફ લગાવ્યો હતો પરંતુ ત્યારબાદ થોડા દિવસો પછી ૨૫ ટકા વધુ વધારો ઝીંકાયો. જેના કારણે કુલ ટેરિફ ૫૦ ટકા થઈ ગયો. તેમણે ભારત દ્વારા રશિયન તેલની સતત ખરીદીનો હવાલો આપતા દાવો કર્યો હતો કે આ ખરીદી રશિયાના યુક્રેન યુદ્ધના ઉદ્દેશ્યોને પ્રોત્સાહન આપે છે.

### મમતા દીદીનું ટેન્શન વધશે

# જ્યાં સૌથી વધુ SIRનો વિવાદ ત્યાં વડાપ્રધાન મોદી કરશે રેલી

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦મી ડિસેમ્બરે પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લાના તાહેરપુરમાં એક મહત્ત્વપૂર્ણ રેલી કરવાના છે. આ રેલી એવા સમયે આવી રહી છે જ્યારે રાજ્યમાં ચાલી રહેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કવાયતનો તૃણમૂલ કોંગ્રેસ (TMC) અને મુખ્યમંત્રી મમતા બેનર્જી ઉગ્ર વિરોધ કરી રહ્યા છે. PM મોદીની આ વ્યૂહાત્મક મુલાકાત મટુઆ વોટ બૅન્કની પ્રતિક્રિયા અને શરણાર્થી મતોના મહત્ત્વને જોતાં રાજકીય રીતે અત્યંત સંવેદનશીલ માનવામાં આવે છે.તૃણમૂલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જીએ SIRનો સખત વિરોધ કર્યો છે. તેમનો દાવો છે કે આ SIR મતદારોને પ્રભાવિત કરવા અને રાજકીય લાભ મેળવવા માટે કરવામાં આવી રહ્યો છે. મમતા બેનર્જીએ નાદિયા અને ઉત્તર ૨૪ પરગણા જેવા મટુઆ પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં અગાઉ પણ રેલીઓ કરીને જનતાને SIR વિશે ચેતવણી આપી હતી.

વડાપ્રધાન મોદીની આ રેલી દરમિયાન ભાજપ SIR મુદ્દા પર રાજ્ય સરકારને આક્રમક રીતે નિશાન બનાવે તેવી પૂરી અપેક્ષા છે, જેનાથી રાજકીય ગરમાવો વધશે.

પીએમ મોદીની રેલીનું સમય અને સ્થળ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીનો ડ્રાફ્ટ ૧૬મી ડિસેમ્બરે જાહેર થવાનો છે, અને તેના માત્ર ચાર દિવસ પછી પીએમ મોદી તાહેરપુરમાં રેલી કરશે. તાહેરપુર રાણાઘાટ લોકસભા મતવિસ્તારનો ભાગ છે અને તે સરહદી જિલ્લો છે જ્યાં માતુઆ અને શરણાર્થીઓની વસ્તી મોટી છે.

રાજકીય નિષ્ણાતો માને છે કે પીએમ મોદીની મુલાકાતનો મુખ્ય હેતુ માટુઆ અને સરહદી શરણાર્થી મતોને સીધા નિશાન બનાવવાનો છે, જેથી ભાજપ આ વોટ બૅંક પર પોતાની પકડ મજબૂત કરી શકે. આ રેલી ફક્ત એક જાહેર સભા નથી, પરંતુ SIR વિવાદ વચ્ચેની એક મોટી રાજકીય વ્યૂહરચનાનો ભાગ છે. SIR અને મતદાર યાદીઓ પરનો આ સંઘર્ષ આગામી વિધાનસભા ચૂંટણીના પરિણામોને પણ પ્રભાવિત કરી શકે છે. વિપક્ષ અને જનતા હવે રેલી દરમિયાન વડાપ્રધાનના નિવેદનો પર નજર રાખી રહ્યા છે.

### CMના આદેશ બાદ મુખ્ય આયોજકની ધરપકડ

# કોલકાતામાં ફૂટબોલર લિયોનેલ મેસ્સીના ફેન્સે મચાવ્યો હંગામો

### તે ફક્ત ૧૦ મિનિટ માટે આવ્યો, ફૂટબોલ પણ રમ્યો નહીં : ૧૨ હજાર રૂપિયાની ટિકિટ ખરીદી, તેનો ચહેરો પણ જોવા મળ્યો નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

કોલકાતાના સોલ્ટ લેક સ્ટેડિયમમાં સ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસ્સીની એક ઝલક જોવા માટે ભેગા થયેલા ચાહકોને અપેક્ષા મુજબ તેને જોવાની તક ન મળતા તેઓ ગુસ્સે ભરાયા હતા. ગુસ્સે ભરાયેલા ચાહકોએ સ્ટેન્ડ પરથી બોટલો અને ખુરશીઓ ફેંકવાનું શરૂ કર્યું. પરિસ્થિતિ વધુ વણસી જતાં, લિયોનેલ મેસ્સીને કડક સુરક્ષા હેઠળ સોલ્ટ લેક સ્ટેડિયમની બહાર લઈ જવામાં આવ્યો.

મેસ્સીના એક ચાહકે ગુસ્સામાં કહ્યું, "મેસ્સી ફક્ત રાજકારણીઓ અને કલાકારોથી ઘેરાયેલો હતો. અમને શા માટે આમંત્રણ આપવામાં આવ્યું? અમે ૧૨,૦૦૦ રૂપિયાની ટિકિટ ખરીદી, પરંતુ તેનો ચહેરો પણ જોઈ શક્યા નહીં."

બીજા ચાહકે કહ્યું, "આ એક ખુબ ખરાબ આયોજન હતું. મેસ્સી ફક્ત ૧૦ મિનિટ માટે આવ્યો અને ચાલ્યો ગયો. તેણે એક કીક પણ મારી નહીં કે પેનલ્ટી પણ લીધી નહીં. અમારા પૈસા, લાગણીઓ અને સમય બધુ વેડફાયું." ચાહકોનો આરોપ છે કે મેસ્સીની આસપાસ ફક્ત રાજકારણીઓ અને મંત્રીઓ હાજર હતા, જ્યારે સામાન્ય દર્શકોને દૂર રાખવામાં આવ્યા હતા. આ કારણે, સ્ટેડિયમમાં હાજર હજારો લોકો તેમને યોગ્ય રીતે જોઈ પણ શક્યા નહીં. ક્રોધિત ચાહકોએ એમ પણ કહ્યું કે આયોજકોએ શાહરૂખ ખાનની હાજરીનું વચન આપ્યું હતું, પરંતુ તે વચન પૂરું થયું નહીં. એક ચાહકે કહ્યું, "શાહરૂખ ખાન પણ આવવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ કોઈને લાવવામાં આવ્યા નહીં." સ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસ્સી સોલ્ટ લેક સ્ટેડિયમમાં મેદાનમાં પ્રવેશતાની સાથે જ પરિસ્થિતિ નિયંત્રણ બહાર થઈ ગઈ. સ્ટેડિયમમાં પ્રવર્તતી અંધાધૂંધી અને અવ્યવસ્થાને કારણે કાર્યક્રમ ટૂંકો કરવો પડ્યો, જેના કારણે મેસ્સીની અનેક અગ્રણી વ્યક્તિઓ સાથેની સુનિશ્ચિત મુલાકાતો અટકી ગઈ. અસ્તવ્યસ્ત પરિસ્થિતિને કારણે, બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાન, ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન સૌરવ ગાંગુલી અને મુખ્યમંત્રી મમતા બેનર્જી, જેઓ સ્ટેડિયમમાં હાજર હતા, તેઓ દિગ્ગજ ફૂટબોલરને મળી શક્યા નહીં. અહેવાલો અનુસાર, પરિસ્થિતિ કાબૂ બહાર જતાં મુખ્યમંત્રીના આદેશ બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી અને કાર્યક્રમના મુખ્ય આયોજક સતદ્રુ દત્તાની ધરપકડ કરવામાં આવી છે. તેમની સામે FIR પણ દાખલ કરવામાં આવી છે.

### ફિલિપાઈન્સની રાજધાનીમાં ભીષણ આગ

# ફિલિપાઈન્સમાં ૫૦૦થી વધુ મકાન બળીને ખાક, પરિવાર થયા બેઘર

### આગની જ્વાળાઓ ઉંચી સુધી પહોંચી હતીઃ કાળા ધુમાડાથી વાતાવરણ દૂર દૂર સુધી ભરાઈ ગયું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)મનીલા

૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, સાંજે ૬;૩૮ વાગ્યે, ફિલિપાઈન્સની રાજધાની મનીલાના મંડલુયોંગ શહેરમાં એક ગીચ વસ્તીવાળા રહેણાંક વિસ્તારમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ બ્લોક ૫, નુએવા ડી ફેબ્રેરો, બારંગે પ્લેઝન્ટ હિલ્સમાં શરૂ થઈ હતી અને ઘરોમાં વૂડનનો વધુ ઉપયોગ થયો હોવાથી આગે પળવારમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

જ્વાળાઓ ઉંચી ઉંચી પહોંચી ગઈ હતી અને કાળો ધુમાડો માઈલો સુધી દેખાતો હતો, જેના કારણે સાંજનું આકાશ પણ કાળું ડિબાંગ થઈ ગયું હતું અને આ વિસ્તારની વિઝિબિલિટી પણ ડાઉન થઈ ગઈ હતી. ૭:૧૯ વાગ્યા સુધીમાં, આગ મોટા વિસ્તારમાં મોટાપાયે ફેલાઈ ચૂકી હતી.

ફાયર વિભાગે ૨૦ થી વધુ ફાયર ટ્રક અને આસપાસના વિસ્તારોમાંથી ટીમો તૈનાત કરી હતી. મધ્યરાત્રિ સુધીમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો, પરંતુ નુકસાનનું મૂલ્યાંકન હજુ પણ ચાલુ છે. આગને કારણે આશરે ૫૦૦ પરિવારો બેઘર થઈ ગયા હતા અને તેમના ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા હતા. સદનસીબે, આ ઘટનામાં કોઈ ઈજા કે મૃત્યુના અહેવાલ નથી.

મેટ્રો મનીલાના ગરીબ વિસ્તારોમાં આગ વારંવાર લાગે છે કારણ કે, ઘરો એકબીજાની ખૂબ નજીક છે. વિસ્તાર ખુબ જ ગીચ છે જેથી રેસ્ક્યુ ઓપરેશન અને આગ ઓલવવાનું કામ પણ કપરૂ બને છે આગ માટે અહીં ખરાબ ઈલેક્ટ્રિકલ વાયરિંગ પણ જવાબદાર છે. શેરીઓ સાંકડી છે, જેના કારણે ફાયર એન્જિનો સુધી પહોંચવામાં મુશ્કેલી પડે છે. આ ઘટના ફરી એકવાર આગની સુરક્ષાની સમસ્યાને ઉજાગર કરે છે. અગાઉ, ૬ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ, ટોન્ડોના હેપ્પીલેન્ડ એરોમા વિસ્તારમાં મોટી આગ લાગી હતી, જેના કારણે સેંકડો પરિવારો પ્રભાવિત થયા હતા. સપ્ટેમ્બર ૨૦૨૫ માં, ટોન્ડોમાં બે અલગ અલગ જગ્યાએ આગ લાગી હતીઃ ૧૩ સપ્ટેમ્બરના રોજ હેપ્પીલેન્ડમાં એક, જેમાં આશરે ૧,૧૦૦ પરિવારો પ્રભાવિત થયા હતા, અને બીજા દિવસે બીજી આગ લાગી હતી જેમાં અનેક ઘરો ખાક થઈ ગયા હતા. નવેમ્બર ૨૦૨૪ માં, ટોન્ડોના ઈસ્લા પુટિંગ બાટો વિસ્તારમાં એક ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં આશરે ૧,૦૦૦ ઘરો બળીને ખાખ થઈ ગયા હતા અને ૮,૦૦૦ થી વધુ લોકો બેઘર થઈ ગયા હતા. આગ આઠ કલાક સુધી સળગી રહી હતી, અને હેલિકોપ્ટરથી પાણી રેડવામાં આવ્યું હતું. માર્ચ ૨૦૨૪ માં, ટોન્ડોના હેપ્પીલેન્ડમાં આગ લાગી હતી, જેમાં ફાયરની ટીમ પર હુમલો પણ થયો હતો. ડિસેમ્બર ૨૦૨૩માં હેપ્પીલેન્ડમાં આગ લાગવાથી ૧,૫૦૦થી વધુ લોકો બેઘર થયા હતા. ૨૦૧૭ માં, એક ઝૂંપડપટ્ટી વિસ્તારમાં આગ લાગવાથી ૧૫,૦૦૦ લોકો બેઘર થયા હતા.






# ગ્રેટર નોઈડામાં ગાઢ ધૂમ્મસ વચ્ચે એક્સપ્રેસ વે પર મોટી દુર્ઘટના

(સંપૂર્ણ સમાચાર સેવા)ગ્રેટર નોઈડા

ગાઢ ધુમ્મસને કારણે ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસવે પર બે અલગ અલગ સ્થળોએ માર્ગ અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. ચક્રસેનપુર ફલાયઓવર પર ત્રણ વાહનો અથડાયા અને સમાધિપુર ફલાયઓવર પર લગભગ એક ડઝન વાહનો અથડાયા હતા.

ઘટનાની માહિતી મળતાં જ પોલીસ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી અને રસ્તા પરથી બધા ક્ષતિગ્રસ્ત વાહનોને દૂર કરી સુરક્ષિત રીતે પાર્ક કર્યા. જોકે, અકસ્માતમાં કોઈને ઈજા થઈ નથી. ટ્રાફિક સામાન્ય રૂપે ચાલી રહ્યો છે. આ મામલે આગળ જરૂરી કાનૂની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આ અકસ્માતમાં અનેક વાહનોને નુકસાન થયું અને ઘણા લોકો ઈજાગ્રસ્ત થયા. આ અકસ્માતને કારણે લાંબો ટ્રાફિક જામ થયો. પોલીસે ટોલ પરથી ક્ષતિગ્રસ્ત વાહનોને દૂર કર્યા અને ટ્રાફિક હળવો કર્યો, જેમાં ઘણો સમય લાગ્યો. અકસ્માત સ્થળે ડિવાઈડર પર એક સફેદ કાર જોઈ શકાય છે, જેનો હૂડ ખરાબ રીતે ક્ષતિગ્રસ્ત હતો. કારની બાજુમાં એક ટ્રક અને તેની નીચે એક કાર ફસાયેલી જોઈ શકાય છે. ગાઢ ધુમ્મસને કારણે આ અકસ્માત થયો હતો, જેના કારણે લોકો સ્પષ્ટ રૂપે જોઈ શકતા નહતા.

# તંત્રી લેખ......

## સર્વસંમતિ રાજકારણઃ સરકાર વાયુ પ્રદૂષણ પર ચર્ચા કરવા તૈયાર

સંસદમાં વાયુ પ્રદૂષણના મુદ્દા પર ચર્ચા કરવા માટે સરકાર અને વિપક્ષ સર્વસંમતિ પર પહોંચ્યા છે. પ્રદૂષણના ગંભીર સ્તર અને નાગરિકોના સ્વાસ્થ્ય પર તેની અસરને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. બંને પક્ષો આ મહત્વપૂર્ણ મુદ્દા પર ચર્ચા કરવા અને યોગ્ય ઉકેલો શોધવા માટે તૈયાર છે. આ વાત ખુશીની છે કે સરકારે દેશમાં વધતા વાયુ પ્રદૂષણના મુદ્દા પર ચર્ચા કરવા માટે સહમતિ દર્શાવી છે, જે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. એ પણ ખુશીની વાત છે કે રાહુલ ગાંધીએ વાયુ પ્રદૂષણની ગંભીરતા પર ભાર મૂકતા કહ્યું કે આ મુદ્દો દોષારોપણનો રમત ન હોવો જોઈએ, પરંતુ સર્વસંમતિ ચર્ચા હોવી જોઈએ, જેથી દેશને બતાવી શકાય કે આપણે સાથે મળીને કામ કરી શકીએ છીએ. વાયુ પ્રદૂષણ એક એવી સમસ્યા છે જેનો ઉકેલ બધાએ સાથે મળીને લાવવો જોઈએ. આ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો તેમજ સામાન્ય જનતાના સહયોગની જરૂર છે. જાહેર સહયોગની આ અપેક્ષા ત્યારે જ પૂર્ણ થઈ શકે છે જ્યારે રાજકીય વર્ગ, એકજૂથ અને સર્વસંમત, અસરકારક ઉકેલો શોધે. વાયુ પ્રદૂષણ પર અર્થપૂર્ણ ચર્ચા માટે, તેના મૂળ કારણોને સંબોધવા પર વધુ ભાર મૂકવો જરૂરી છે. વાયુ પ્રદૂષણ માટે ફક્ત પરાળી બાળવા અથવા ફટાકડાને જવાબદાર ન ઠેરવવા જોઈએ. વાયુ પ્રદૂષણના મુખ્ય કારણોમાં રસ્તાઓ અને બાંધકામ સ્થળોએથી નીકળતી ધૂળ અને વાહનોનું ઉત્સર્જન શામેલ છે. વધુમાં, લાકડા, ગોબરના ખોળ, કોલસો વગેરે બાળવાથી ધુમાડો ઉત્પન્ન થાય છે. આપણા દેશમાં ખરેખર કેટલો રસોઈ ગેસનો ઉપયોગ થાય છે તે ગંભીરતાથી ધ્યાનમાં લેવું જોઈએ. વાયુ પ્રદૂષણની ગંભીર સમસ્યાને ઉકેલવા માટે અસરકારક પગલાં લેવામાં નિષ્ફળતાની પ્રતિકૂળ અસર એ છે કે તેનાથી પ્રભાવિત શહેરી અને ગ્રામીણ વિસ્તારોની સંખ્યા વધી રહી છે. આ માત્ર લોકોના સ્વાસ્થ્ય માટે ખતરો જ નથી, પરંતુ દેશની બદનામી પણ લાવે છે. તે સારી પરિસ્થિતિ નથી કે, જ્યારે ભારતનું આંતરરાષ્ટ્રીય સ્તરે કદ વધી રહ્યું છે, ત્યારે તે તેના વધતા વાયુ પ્રદૂષણ માટે જાણીતું છે. આશા છે કે આનાથી સંસદમાં વાયુ પ્રદૂષણ પર અર્થપૂર્ણ ચર્ચા થશે જ, પરંતુ કેન્દ્ર અને તમામ રાજ્ય સરકારો ગંભીરતાથી અમલમાં મૂકશે તેવી કાર્ય યોજના ઘડવાનો માર્ગ પણ મોકળો થશે. વાયુ પ્રદૂષણ પર શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે થયેલી સર્વસંમતિ ફક્ત આ મુદ્દા સુધી મર્યાદિત ન હોવી જોઈએ. રાષ્ટ્રીય મહત્વના અન્ય મુદ્દાઓ પણ શોધવા જોઈએ જેની ચર્ચા સંસદમાં સર્વસંમતિથી, કોઈપણ દોષ વિના કરી શકાય. બંને પક્ષોએ દોષ વિના સંસદમાં ચર્ચાની જરૂરિયાતને સમજવી જોઈએ, કારણ કે ભાગ્યે જ કોઈ મુદ્દો દોષથી બચી શકે છે. આ પહેલા ક્યારે શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે કોઈ મુદ્દા પર સર્વસંમતિ હતી અને ક્યારે બંને વચ્ચે ચર્ચા થઈ હતી જે દેશને યોગ્ય દિશા આપી શકી હોત તે યાદ રાખવું મુશ્કેલ છે.

### દિલ્હીમાં સામૂહિક આપઘાતની હચમચાવતી ઘટના

## માતા અને બે પુત્રો ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીના કાલકાજી વિસ્તારમાં એક જ પરિવારના ત્રણ સભ્યોએ સામૂહિક આપઘાત કરી લીધો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. શુક્રવારે (૧૨મી ડિસેમ્બર) બપોરે પોલીસને જાણ કરવામાં આવી હતી કે અનુરાધા કપૂર (૫૨) અને તેના બે પુત્રો, આશિષ (૩૨) અને ચૈતન્ય (૨૭)ના મૃતદેહ તેમના ઘરમાં ગળે ફાંસો ખાધેલી હાલતમાં લટકતા મળી આવ્યા છે.અહેવાલો અનુસાર, આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે કોર્ટના આદેશ પર ઘરનો કબજો લેવા માટે એક ટીમ ત્યાં પહોંચી હતી. ટીમે ઘણી વાર દરવાજો ખખડાવ્યો, પરંતુ કોઈ જવાબ ન મળતાં તેમણે ડુપ્લિકેટ ચાવીથી દરવાજો ખોલ્યો. અંદર જોતાં ત્રણેયના મૃતદેહ લટકતી હાલતમાં મળી આવ્યા હતા. ઘટનાસ્થળેથી એક સુસાઈડ નોટ પણ મળી આવી છે, જે દર્શાવે છે કે આ પરિવાર લાંબા સમયથી ગંભીર ડિપ્રેશનથી પીડિત હતો. પોલીસની પ્રારંભિક તપાસમાં સામે આવ્યું છે કે પરિવાર લાંબા સમયથી આર્થિક તંગીનો સામનો કરી રહ્યો હતો.

### દેશના ૧૬ રાજ્યોના મહાનગરોના મેયર્સ અને રાજ્યના શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ સહભાગી થયા

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઓલ ઈન્ડિયા મેયર્સ કાઉન્સીલની ૧૧૬મી નેશનલ એક્ઝિક્યુટિવ બેઠકનો સુરતમાં પ્રારંભ કરાવ્યો








### શહેરોનો સર્વગ્રાહી આર્થિક, સામાજિક વિકાસ અને સ્માર્ટ, સસ્ટેનેબલ સિટી ડેવલપમેન્ટ એ વડાપ્રધાનશ્રીએ આપેલા આત્મનિર્ભર ભારતના સંકલ્પનો મજબૂત પાયો છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, શહેરોનું સર્વગ્રાહી આર્થિક, સામાજિક વિકાસ અને સ્માર્ટ, સસ્ટેનેબલ સિટી ડેવલપમેન્ટ એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવાનો મજબૂત પાયો છે.

સુરતમાં યોજાઈ રહેલી અખિલ ભારતીય મેયર્સ પરિષદની ૧૧૬મી કાર્યકારીણી બેઠકના પ્રારંભ અવસરના અધ્યક્ષ સ્થાનેથી મુખ્યમંત્રીશ્રી સંબોધન કરી રહ્યા હતા. શહેરી વિકાસ અને નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ અને દેશભરના ૧૬ રાજ્યોના મહાનગરોના મેયર્સ અને પરિષદના પદાધિકારીઓ આ કાર્યકારીણી બેઠકમાં સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શહેરીકરણના પડકારોને અવસરમાં પલટાવીને ગુજરાતમાં મોર્ડન અર્બન ડેવલપમેન્ટ મોડલની પહેલ ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષથી કરી હતી.

વેલ પ્લાન્ડ સિટી ડેવલોપમેન્ટ માટેના બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણને આના પરિણામે વેગ મળ્યો અને ૨૦૦૫ના શહેરી વિકાસ વર્ષની બે દાયકાની સફળતાને પગલે રાજ્ય સરકારે પણ ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવ્યું છે. ૨૦૨૫ના આ શહેરી વિકાસ વર્ષમાં શહેરોની સ્વચ્છતા અને ફ્યુચરિસ્ટિક ડેવલપમેન્ટમાં ગતિ આવી છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ આયોજનો અને લોકોના ઈઝ ઓફ લિવિંગમાં વધારો કરવાના ગુજરાતના ઈનિસ્યેટિવ્ઝની પ્રભાવક પ્રસ્તુતિ આ મેયર્સ પરિષદમાં કરી હતી.

આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સુદ્રઢ નાણાંકીય વ્યવસ્થાપનથી શહેરોના સર્વગ્રાહી વિકાસ માટે સ્વર્ણીમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની પહેલ ગુજરાતે વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં કરી છે. આ યોજનામાં ભૌતિક સુવિધાઓ, સામાજિક આંતરમાળખાકીય સવલતો સાથે અર્બન ગ્રીન મોબિલિટી, મુખ્યમંત્રી શહેરી સડક યોજનાને પ્રાથમિકતા આપવાથી ઈઝ ઓફ લિવિંગ વધ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતે દેશને શહેરી ક્ષેત્રોમાં બી.આર.ટી.એસ. જનમાર્ગનું અને ઈ-સિટીબસ સેવાઓનું સફળ મોડલ આપ્યું છે. એટલું જ નહીં, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં અર્બન ટ્રાન્સફોર્મેશનમાં અનેક આઈકોનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ થયા છે તેમાં સુરત ડાયમંડ બુર્સ, રિવરફ્રન્ટ તો ગૌરવના પ્રતીક બન્યા છે એમ તેમણે કહ્યું હતું.

શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ આપેલા ઈક્લુઝિવ ગ્રોથના વિચારને પાર પાડવા નાના શહેરોનો વિકાસ પણ વેગવંતો બનાવ્યો છે. રાજ્યમાં નવી નવ મહાનગરપાલિકાની રચના કરવામાં આવી છે અને મોટા મહાનગરોની મહાનગરપાલિકાઓએ આવી નવી મહાનગરપાલિકાનું હેન્ડ હોલ્ડિંગ કરીને હોલીસ્ટિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ વિકસાવી છે.

મુખ્યમંત્રીશ્રીએ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત માટેના વડાપ્રધાનશ્રીના ધ્યેયને પૂર્ણ કરવામાં ગુજરાતને અગ્રેસર રાખવા અર્નિંગવેલ-લિવિંગવેલ મંત્ર સાથે વિકસિત ગુજરાત જ ૨૦૪૭નો રોડ મેપ કંડાર્યો છે તેની પણ ભૂમિકા આપી હતી.

આ પ્રસંગે શહેરી વિકાસ અને નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ ઉપસ્થિત તમામ મેયરોને પ્રોત્સાહન આપતા કહ્યું કે, શહેરીકરણના પડકારને તક સમજીને જળ વ્યવસ્થાપન, સ્વચ્છતા, શિક્ષણ, આવાસ, સુએઝ અને ગ્રીન એનર્જી સહિતના કાર્યો કરવાથી ચોક્કસ રીતે સુસંચાલિત નગર આયોજન કરી શકાય છે. તેમણે સમગ્ર દેશમાં ગ્રીન એનર્જી રાજ્ય તરીકે ઝડપથી આગેકૂચ કરીને વડાપ્રધાનશ્રીએ શરુ કરાવેલી સોલાર યોજના હવે અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ થઈ હોવાનું ઉમેર્યુ હતું.

વધુમાં તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે ૪૮ ટકા શહેરીકરણનો ધ્યેય સિદ્ધ કર્યો છે. અને વર્ષ ૨૦૪૭ સુધીમાં ૭૫ ટકાનો લક્ષ્યાંક પરિપૂર્ણ કરવાની દિશામાં ગુજરાત ઝડપભેર આગળ વધી રહ્યું છે. અખિલ ભારતીય મેયર્સ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ રેણુબાલા ગુપ્તાએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીના દુરંદેશી નેતૃત્વ હેઠળ ગુજરાતે સમગ્ર દેશને વિકાસનો એક નવો રાહ ચીંધ્યો છે. અને ગુજરાતને દેશ માટે રોલ મોડલ બનાવ્યું છે તેનાથી અન્ય નગરના મેયરોને સ્વચ્છ, સ્માર્ટ અને સુવિધાસભર નગરના વિકાસ માટે માર્ગદર્શન મળશે.

પ્રાસંગિક પ્રવચન કરતાં અખિલ ભારતીય મેયર પરિષદના મહામંત્રીશ્રી આશુતોષભાઈએ પરિષદની સ્થાપના, કાર્યો અને ઉદ્દેશો વિષે જણાવી શહેરી વિકાસમાં પરિષદના મહત્વ અંગે વિગતે છણાવટ કરી હતી.

આ અવસરે મેયરશ્રી દક્ષેશભાઈ માવાણીએ જણાવ્યું કે, સુરતને સ્વચ્છતા, જળ વ્યવસ્થાપન અને સ્વચ્છ વાયુ સર્વેક્ષણમાં ઘણા રાષ્ટ્રીય પુરસ્કાર મેળવ્યાં છે. વિકાસના સતત નવા આયામો સાથે આગળ વધતું સુરત દેશના અનેક શહેરો માટે સકારાત્મક સુધારાઓથી અન્ય શહેરો માટે પ્રેરણાસ્ત્રોત બનશે એમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે ગુજરાતની મહાનગરપાલિકાઓના મેયરશ્રીઓ, સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ, ધારાસભ્ય સવશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, પુર્ણેશભાઈ મોદી, સંગીતાબેન પાટીલ,પૂર્વમંત્રીશ્રી દર્શનાબેન જરદોશ, સુરત મહાનગર પાલિકા કમિશનરશ્રી શાલિની અગ્રવાલ, કલેક્ટરશ્રી સૌરભ પારધી, ડે.મેયરશ્રી નરેન્દ્રભાઈ પાટીલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજનભાઈ દેસાઈ, શહેર સંગઠન પ્રમુખશ્રી પરેશભાઈ પટેલ, શાશકપક્ષ નેતાશ્રી શશીબેન ત્રિપાઠી, દંડકશ્રી ધર્મેશભાઈ વાણિયાવાલા સહિત સુરત મહાનગર પાલિકાના અધિકારી/કર્મચારીઓ હાજર રહ્યા હતા.

### ટ્રમ્પની ધમકીઓની ઐસી-તૈસી

## ભારતે નવેમ્બરમાં ૫ મહિનાનું રેકોર્ડ ૨.૬ અબજ યુરોનું રશિયન ક્રૂડ આયાત કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે નવેમ્બર ૨૦૨૫માં રશિયાના ક્રૂડ ઓઈલની આયાત ચાર ટકા વધારતો ૨.૬ અબજ યુરો સુધી પહોંચી ગઈ હતી, જે પાંચ મહિનામાં સૌથી વધુ છે. ભારતે આ ક્રૂડ ઓઈલને રિફાઈન્ડ કરી તેનો મોટો હિસ્સો ઓસ્ટ્રેલિયામાં નિકાસ કર્યો હતો તેમ યુરોપની એક થિંકટેંકે શુક્રવારે દાવો કર્યો હતો. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુરોપના દેશોએ રશિયાના ક્રૂડ ઓઈલની આયાત સામે ભારતને આકરા પ્રતિબંધોની ધમકી આપી હતી. પરંતુ ભારતે આ ધમકીઓની ધરાર અવગણના કરી હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લિન એર (સીઆરઈએ)ના એક રિપોર્ટમાં દાવો કરાયો છે કે રશિયાના ક્રૂડ ઓઈલની ખરીદીની બાબતમાં ભારત નવેમ્બરમાં પણ ચીન પછી બીજા નંબરનું સૌથી મોટું ખરીદદાર રહ્યું.

આ પહેલાં ભારતે ઑક્ટોબરમાં રશિયા પાસેથી ૨.૫ અબજ યુરોની કિંમતનું ક્રૂડ ઓઈલ ખરીદ્યું હતું.સીઆરઈએએ કહ્યું કે, નવેમ્બર ૨૦૨૫માં રશિયાના ક્રૂડ ઓઈલની કુલ નિકાસમાં ૪૭ ટકા ચીન, ૩૮ ટકા ભારત, ૭ ટકા તૂર્કીયે અને ૭ ટકા યુરોપીયન યુનિયનનો હિસ્સો હતો. ભારતે નવેમ્બરમાં રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની આયાત ઓક્ટોબરની સરખામણીમાં ચાર ટકા વધારી દીધી હતી, છતાં ભારતની ક્રૂડ ઓઈલની કુલ આયાતનું પ્રમાણ લગભગ સ્થિર રહ્યું હતું. ભારતે છેલ્લા પાંચ મહિનામાં રશિયા પાસેથી નવેમ્બરમાં સૌથી વધુ ક્રૂડ ઓઈલની ખરીદી કરી હતી.ભારતની ખાનગી કંપની રિલાયન્સે રશિયામાંથી ખરીદેલા સસ્તા ક્રૂડ ઓઈલને રિફાઈન્ડ કરીને ઓસ્ટ્રેલિયામાં ૬૯ ટકા નિકાસ વધારી હતી. આ રિફાઈન્ડ ક્રૂડ ઓઈલની નિકાસ ગુજરાતની જામનગર રિફાઈનરીમાંથી કરાઈ હતી. કેનેડાએ પણ આઠ મહિના પછી પહેલી વખત રશિયન ક્રૂડ ઓઈલમાંથી બનેલા ઈંધણનો પૂરવઠો મેળવ્યો હતો. ઓસ્ટ્રેલિયા, કેનેડા અને અમેરિકાએ હજુ સુધી રશિયન ક્રૂડમાંથી બનેલા ઈંધણની આયાત પર પ્રતિબંધ મૂક્યો નથી.સીઆરઈએનું માનવું છે કે ડિસેમ્બરમાં પણ ભારતની રશિયામાંથી ક્રૂડ ઓઈલની ખરીદી વધી શકે છે, કારણ કે રશિયન ક્રૂડ ઓઈલ પર અમેરિકન પ્રતિબંધો લાગુ થતા પહેલાં કેટલાક ક્રૂડ ઓઈલના જહાજો રશિયાથી રવાના થઈ ગયા હતા. અમેરિકા અને યુરોપના પ્રતિબંધો પછી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એચપીસીએલ, એચપીસીએલ-મિત્તલ એનર્જી અને મેંગલુરુ રિફાઈન્ડ એન્ડ પેટ્રોકેમિકલ્સ લિ.એ રશિયન ક્રૂડની આયાત અસ્થાયીરૂપે અટકાવી દીધી છે. જોકે, આઈઓસી જેવી સરકારી કંપનીઓએ હજુ પણ પ્રતિબંધિત ના હોય તેવી રશિયન કંપનીઓ પાસેથી ક્રૂડની ખરીદી ચાલુ રાખી છે. સીઆરઈએએ કહ્યું કે, નવેમ્બરમાં ખાનગી ઓઈલ કંપનીઓની આયાતમાં આંશિક ઘટાડો થયો હતો, જ્યારે સરકારી ક્રૂડ ઓઈલ કંપનીઓએ રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી ૨૨ ટકા વધારી દીધી હતી.

સીઆરઈએએ કહ્યું કે, નવેમ્બરમાં ભારત અને તૂર્કીયેની ૭ રિફાઈનરીઓએ ૮૦.૭ કરોડ યૂરોના મૂલ્યના રિફાઈન્ડ ઈંધણની નિકાસ કરી, જેમાંથી ૪૬.૫ કરોડ યુરોના ઈંધણની યુરોપીય સંઘ, ૧૧ કરોડ યૂરોની અમેરિકા, ૫.૧ કરોડ યૂરોની બ્રિટન, ૧૫ કરોડ યુરોની ઓસ્ટ્રેલિયા અને ૩૧ કરોડ યૂરોની કિંમતના ઈંધણની કેનેડામાં નિકાસ કરી હતી. તેમાંથી લગભગ ૩૦.૧ કરોડ યૂરોના મૂલ્યના રિફાઈન્ડ ક્રૂડ ઉત્પાદનો રશિયન ક્રૂડમાંથી બન્યા હતા.

## ઈજનેરી કાર્ય માટે લેવામાં આવેલા બ્લોકને કારણે ભાવનગર–હરિદ્વાર એક્સપ્રેસ રદ

ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા ચુરુ–આસલુ–દૂધવા ખારા સ્ટેશનો વચ્ચે પેચ ડબલિંગ કાર્ય તથા સ્વચાલિત બ્લોક સિગ્નલિંગ પ્રણાલીની કમિશનિંગ કામગીરી માટે લેવામાં આવેલા બ્લોકને કારણે પશ્ચિમ રેલવેના ભાવનગર મંડલમાંથી પસાર થતી ભાવનગર–હરિદ્વાર એક્સપ્રેસ ટ્રેનને સંપૂર્ણપણે રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભાવનગર મંડલના વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે અગાઉ લેવામાં આવેલ ડાયવર્ઝનનો નિર્ણય રદ કરી, મુસાફરોની સુરક્ષા તથા સંચાલનાત્મક કારણોસર આ ટ્રેનને સંપૂર્ણપણે રદ કરવામાં આવી છે.

રદ કરવામાં આવનાર ટ્રેનોની વિગત નીચે મુજબ છેઃ

૧. તારીખ ૧૯.૦૧.૨૦૨૬ અને ૨૨.૦૧.૨૦૨૬ ના રોજ ભાવનગર ટર્મિનસથી ચલાવાની ટ્રેન નંબર ૧૯૨૭૧ ભાવનગર–હરિદ્વાર એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ રહેશે.

૨. તારીખ ૨૧.૦૧.૨૦૨૬ અને ૨૪.૦૧.૨૦૨૬ ના રોજ હરિદ્વારથી ચલાવાની ટ્રેન નંબર ૧૯૨૭૨ હરિદ્વાર–ભાવનગર એક્સપ્રેસ સંપૂર્ણપણે રદ રહેશે.

મુસાફરોની સુવિધા માટે આરક્ષિત મુસાફરોને એસએમએસ અલર્ટ મોકલવામાં આવશે તેમજ માહિતી વિવિધ માધ્યમો દ્વારા પ્રસારિત કરવામાં આવી રહી છે. મુસાફરોને વિનંતી છે કે તાજી માહિતી માટે **NTES** એપ પર નજર રાખે અથવા ભારતીય રેલવેની અધિકૃત વેબસાઈટ **www. enquiry. indianrail. gov.in** ની મુલાકાત લે. મુસાફરોને થતી અસુવિધા બદલ રેલ પ્રશાસન ખેદ વ્યક્ત કરે છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

### ૨૦૦૦ ચોરસ ફીટનોં વિશાળ કોક્રોર્સ, ૫૦૦૦ ચોરસ ફીટનું પાર્કિંગ ક્ષેત્ર અને ૧૪૬૦ ચોરસ ફીટના ડિલક્સ પ્રતીક્ષાલયનો થશે સમાવેશ

## વિરમગામ સ્ટેશનનો વ્યાપક પુનઃવિકાસ : યાત્રીઓ માટે આધુનિક, સુરક્ષિત અને સુવિધાજનક સ્ટેશનની દિશામાં એક મોટું પગલું

ભારતીય રેલવેમાં ૧૩૦૦ થી વધુ રેલવે સ્ટેશનોનો પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે, ૧૬૦ સ્ટેશનોનું કામ પૂર્ણ થઈ ગયું છે, જેમાં ગુજરાતના ૮૭ સ્ટેશન સામેલ છે. માનનીય વડાપ્રધાને આ જ વર્ષે મે મહિનામાં બીકાનેરથી ૧૦૩ પુનઃવિકસિત અમૃત સ્ટેશનોનું વર્ચ્યુઅલ ઉદઘાટન કર્યું. જેમાં સામાખ્યાલી સહિત ગુજરાતના ૧૮ સ્ટેશન સામેલ છે.

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળનું વિરમગામ સ્ટેશન એક મહત્વપૂર્ણ સ્ટેશન છે. વિરમગામ રેલવે સ્ટેશનનો વ્યાપક પુનઃવિકાસ રૂા.૪૬.૧૩ કરોડના ખર્ચે ઝડપથી કરવામાં આવી રહ્યો છે. વર્તમાનમાં વિરમગામ સ્ટેશન પર ૫૦ થી વધુ ટ્રેનો રોકાય છે. અહીંથી દરરોજ લગભગ ૭૦૦૦ યાત્રી અવરજવર કરે છે. આને આગળના ૪૫-૫૦ વર્ષના યાત્રી ઘસારાને ધ્યાનમાં રાખીને પુનઃવિકસિત કરવામાં આવી રહ્યું છે. વિરમગામ સ્ટેશન પર ૪૦ ફીટ પહોળો ફુટ ઓવર બ્રિજ પણ બનાવવામાં આવી રહ્યો છે જે પ્લેટફોર્મો વચ્ચે સુરક્ષિત અને નિર્વિરોધ અવરજવર સુનિશ્ચિત કરશે.

આ સ્ટેશન અમદાવાદ-વિરમગામ, વિરમગામ-સુરેન્દ્રનગર, વિરમગામ-મહેસાણા અને વિરમગામ-ધ્રાંગધ્રા-સામાખ્યાલી આ ચાર રેલવે માર્ગોના જંકશન પર આવેલું છે. અહીં ગેટવે ડિસ્ટ્રીપાર્ક્સ દ્વારા ઈનલેન્ડ કન્ટેનર ડિપો સુવિધા પણ ઉપલબ્ધ છે. જૂન ૨૦૨૩ માં વિરમગામથી મુન્દ્રા પોર્ટ સુધી ડબલ-સ્ટેક રેલવે પરિવહન સેવાઓ શરૂ કરી, જેનો ઉદ્દેશ આપણા આયાત-નિકાસ **(EXIM)** વેપાર ગ્રાહકો માટે પરિચાલન કુશળતા વધારવાનો અને લોજિસ્ટિક ખર્ચ ઘટાડવાનો છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન (ક્ષેત્ર/આકાર):

- ● ૪૪૦૦ ચોરસ ફીટની વિશાળ સ્ટેશન બિલ્ડીંગ યાત્રીઓને આધુનિક અને સુવ્યવસ્થિત સુવિધાઓ ઉપલબ્ધ કરાવશે.
- ● ૨૦-૨૦ ફીટ પહોળા પ્રવેશ/નિકાસ દ્વાર યાત્રીઓની અવરજવરને સુગમ બનાવશે.
- ● ૫૦૦૦ ચોરસ ફીટનું પાર્કિંગ ક્ષેત્ર વધુ વાહનોને સમાયોજિત કરશે.
- ● ૧૩ ફીટ પહોળી પિક-અપ/ડ્રોપ-ઑફ લેન વાહનોની અવરજવર વ્યવસ્થાને ઉત્તમ બનાવશે.






- ● ૨૨૦૦ ચોરસ ફીટનો પોર્ચ યાત્રીઓને ઋતુઓથી સુરક્ષા અને આરામદાયક પ્રવેશ ઉપલબ્ધ કરાવશે.
- ● ૨૦૦૦ ચોરસ ફીટનો વિશાળ કોક્રોર્સ યાત્રીઓને વધુ વિશાળ અને આરામદાયક સ્થાન ઉપલબ્ધ કરાવશે.
- ● પ્લેટફોર્મો પર લિફ્ટ અને એસ્કેલેટર્સની જોગવાઈ
- ● પ્લેટફોર્મ નં. ૨ અને ૩ ની લંબાઈમાં ૧૦૦ ફીટ સુધીનું વિસ્તરણ
- ● ૩૩૬ ચોરસ ફીટનું પ્રતીક્ષાલય બેસવા અને વિશ્રામ કરવા માટે આરામદાયક સુવિધા ઉપલબ્ધ કરાવશે.
- ● ૫૭૦ ચોરસ ફીટનો કેફેટેરિયા ચોખ્ખા અને સુવિધાજનક ભોજનનો વિકલ્પ ઉપલબ્ધ કરાવશે.
- ● ૭૩૦ ચોરસ ફીટના ડિલક્સ એસી અને નૉન-એસી પ્રતીક્ષાલય શાંત અને આરામદાયક વાતાવરણમાં પ્રતીક્ષાની સુવિધા આપશે.
- ● પ્લેટફોર્મ ૧ થી ૫ સુધી ૩૮૦૦૦ ચોરસ ફીટ ક્ષેત્રમાં કવર શેડ યાત્રીઓને ઋતુઓથી સુરક્ષા અપાવશે.
- ● ૪૩૦ ચોરસ ફીટનો શૌચાલય બ્લોક સ્વચ્છતા અને સુવિધાને વધુ બહેતર બનાવશે.
- ● દિવ્યાંગજન માટે ૦૩ સમર્પિત પાર્કિંગ સ્લૉટ તેમની પહોચ અને સુવિધાને વધુ બહેતર બનાવશે.

આ પરિયોજના હેઠળ હોમ પ્લેટફોર્મનો વિસ્તાર કરવામાં આવી રહ્યો છે, જેનાથી ભીડભાડના સમયે યાત્રીઓની અવરજવર અધિક સુગમ થશે અને થોભવા-રોકાવા માટે પૂરતી જગ્યા ઉપલબ્ધ થશે.

નવી આધુનિક સ્ટેશન બિલ્ડીંગ અપગ્રેડેડ ટિકિટીંગ સુવિધાઓ, વિશાળ પ્રતીક્ષાલયો અને અતિઆધુનિક સેવાઓની સાથે યાત્રીઓને બહેતર અને સહજ અનુભવ આપશે. પ્લેટફોર્મ પર બની રહેલું નવું કવર શેડ યાત્રીઓને તડકો, વરસાદ અને અન્ય ઋતુકિય અસરોથી સુરક્ષા આપશે, જેનાથી પ્રતીક્ષા અનુભવ વધુ આરામદાયક થશે.

વિશાળ સર્ક્યુલેટિંગ વિસ્તારના વિકાસથી સ્ટેશન સંકુલમાં વાહનોની અવરજવર વધુ સુવ્યવસ્થિત થશે, જેનાથી સ્ટેશન સુધી પહોંચવા અને બહાર નીકળવાની સુવિધામાં સુધારો થશે. અપગ્રેડેડ પ્રતીક્ષાલય બહેતર બેસવાની સુવિધા, યોગ્ય વેન્ટિલેશન અને શાંત વાતાવરણ ઉપલબ્ધ કરાવશે, જેનાથી યાત્રી અનુભવ વધુ સુખદ બનશે.

આ પુનઃવિકાસ માત્ર યાત્રીઓ પૂરતું જ મર્યાદિત નથી, પરંતુ સ્થાનિક વેપાર, વ્યવસાય અને ઉદ્યોગો માટે પણ અત્યંત લાભકારક સિદ્ધ થશે.

બહેતર સ્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી લોજિસ્ટિક્સ અને માલ લોડિંગની પ્રક્રિયાઓ સુગમ થશે, જેનાથી ઔદ્યોગિક ક્ષેત્રોને તાત્કાલિક પરિવહન સુવિધા મળશે. સ્ટેશનની બહેતર પહોચ અને આધુનિક સુવિધાઓ આસપાસના બજારો, હોટલો, દુકાનો અને પરિવહન સેવાઓને આર્થિક રૂપે સશક્ત બનાવશે. સમગ્રપણે આ પરિયોજના વિરમગામ અને આસપાસના વિસ્તારોના વિકાસ, રોજગાર અને નવા અવસરોનો માર્ગ ખોલશે, જેનાથી ક્ષેત્રીય આર્થિક પ્રવૃત્તિઓને મહત્વપૂર્ણ ગતિ પ્રાપ્ત થશે.

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI


# વિક્લી માર્કેટ રિપોર્ટઃ સપ્તાહ દરમિયાન ચાંદીનો વાયદો રૂ.૨૦,૮૦૪ના જંગી ઉછાળા સાથે ઓલ ટાઈમ હાઈ સ્તરેઃ સોનાના વાયદામાં રૂ.૨,૩૯૧ની તેજી

**ક્રૂડ તેલના વાયદામાં સેંકડા ઘટ્યાઃ કોટન, મેન્થા તેલમાં સુધારોઃ ઈલેક્ટ્રિસિટી, નેચરલ ગેસ, એલચીમાં નરમાઈઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૫૯૧૮૫.૩૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૮૦૩૩૧૨.૩ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૬૧૪૫૪.૮૦ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૨૫૬૩ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૫થી ૧૧ ડિસેમ્બરના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૧૬૨૫૫૭.૬૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૫૯૧૮૫.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૮૦૩૩૧૨.૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૫૯.૩૯ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૦.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૨૫૬૩ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં સપ્તાહ દરમિયાન કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૪૪૧૫.૮૫ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૬૧૪૫૪.૮૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૯૮૯૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૩૨૫૭૪ અને નીચામાં રૂ.૧૨૯૧૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૦૦૭૮ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૩૯૧ની તેજી સાથે રૂ.૧૩૨૪૬૯ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૫૦૯ વધી રૂ.૧૦૫૭૦૬ થયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૯૧ વધી રૂ.૧૩૨૩૯ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૧૧ વધી રૂ.૧૩૦૯૦૫ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૯૦૪૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૩૧૨૯૦ અને નીચામાં રૂ.૧૨૮૧૪૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૯૧૯૨ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૯૪૫ ઊછળી રૂ.૧૩૧૧૩૭ના ભાવે બંધ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૭૯૫૦૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૯૯૨૨૦ના ઓલ ટાઈમ હાઈ સ્તરે અને નીચામાં રૂ.૧૭૯૨૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૭૮૧૩૮ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૦૮૦૪ના જંગી ઉછાળા સાથે રૂ.૧૯૮૯૪૨ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૨૦૨૭૩ ઊછળી રૂ.૧૯૯૨૧૦ થયો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૨૦૨૮૦ ઊછળી રૂ.૧૯૯૨૨૩ના ભાવે બંધ થયો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૨૮૪૫૯.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૩૮.૨૫ વધી રૂ.૧૧૧૧.૮૫ના સ્તરે પહોંચ્યો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.૧૧.૮૫ વધી રૂ.૩૨૦.૧ના સ્તરે પહોંચ્યો હતો.




એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો રૂ.૨.૪૫ વધી રૂ.૨૮૦.૭ના ભાવે બોલાયો હતો. સીસું ડિસેમ્બર વાયદો રૂ.૧.૧૫ ઘટી રૂ.૧૮૧.૯ના સ્તરે પહોંચ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૬૯૨૫૨.૫૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૪૨૨૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૪૨૩૩ અને નીચામાં રૂ.૩૬૬૦ના મથાળે અથડાઈ, રૂ.૪૮૯ ઘટી રૂ.૩૭૩૩ના ભાવે બોલાયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૩૬૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૪૪૯ અને નીચામાં રૂ.૫૧૬૦ના મથાળે અથડાઈ, રૂ.૫૩૮૩ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૦૪ ઘટી રૂ.૫૧૭૯ થયો હતો. ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૨૦૧ ઘટી રૂ.૫૧૮૦ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬૬.૩ ઘટી રૂ.૩૮૧.૧ના ભાવે બંધ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૬૬.૩ ઘટી રૂ.૩૮૧.૩ થયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૦૪ના ભાવે ખૂલી, રૂ.૭.૮ વધી રૂ.૯૧૧ના સ્તરે પહોંચ્યો હતો. કોટન ડિસેમ્બર વાયદો રૂ.૩૦ વધી રૂ.૨૫૧૬૦ના ભાવે બંધ થયો હતો. એલચી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૯૬ના ભાવે ખૂલી, રૂ.૪૯ ઘટી રૂ.૨૬૫૧ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૦૮૮૨૪.૯૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૫૨૬૨૯.૯૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૨૨૯૯૪.૫૭ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૭૦૭.૫૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૩૨૮.૫૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૪૨૩.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૮૯.૫૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૭૬૩૦.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૬૧૫૩૨.૦૨ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧૨.૨૯ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૩.૪૩ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૧૩૨૫૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૬૧૬૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૭૪૯૯ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૨૧૦૪૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૩૨૪૯ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૨૫૩૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૦૭૫૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૪૪૬૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૧૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૧૮૪૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૨૧૮૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૧૧૭૨ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૩૩૪૦૭ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૧૦૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૫૫૩ પોઈન્ટ વધી ૩૨૫૬૩ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

## ગ્રામિણ પરીવારોને હવેથી મનરેગામાં ૧૦૦ના બદલે ૧૨૫ દિવસની રોજગારીની ખાત્રી

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્રીય કેબિનેટે ગઈ કાલે શુક્રવારે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરન્ટી યોજનાનુ નામ બદલીને અને કાર્યકારી દિવસોની સંખ્યામાં વધારો કરવાના બીલને મંજુરી આપી છે.



હવે આ યોજનાનુ પુજય બાપુ ગ્રામિણ રોજગાર યોજના રાખવામાં આવશે અને તેના હેઠળ કામકાજના દિવસોની સંખ્યા ૧૦૦ થી વધારીને ૧૨૫ દિવસ કરવામાં આવશે. હાલમાં ૧૦૦ દિવસની રોજગાર ગેરન્ટી આપવામાં આવે છે. મનરેગા અથવા નરેગા યોજનાનો હેતુ ગ્રામીણ વિસ્તારોમાં પરીવારોની આજીવિકા સુરક્ષા વધારવાનો છે.

આ યોજના હેઠળ એક માત્ર પરીવારને નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ દિવસની રોજગારીની ખાત્રી આપવામાં આવે છે. આ યોજના ૨૦૦૫ માં લાગુ કરવામાં આવી હતી. રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરન્ટી અધિનિયમ ૨૦૦૫ જેને પાછળથી મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરન્ટી અધિનિયમ નામ આપવામાં આવ્યુ, તે શ્રમ કાયદો અને સામાજિક સુરક્ષા માપદંડ છે. જે કામ કરવાનો અધિકાર ની ખાત્રી આપે છે. તેનો હેતુ ગ્રામિણ વિસ્તારોમાં આજીવિકા સુરક્ષા વધારવાનો છે. મનરેગા યોજના શરૂ થયાને લગભગ બે દાયકા થઈ ગયા છે. સમય જતાં યોજનામાં અસંખ્ય ખામીઓ અને અસંગતતાઓ ઉભરી આવી છે. આ પડકારોને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર ઉચ્ચ સ્તરે મનરેગાના સમગ્ર માળખામાં વ્યાપક સુધારઓ પર ગંભીરતાથી વિચાર કરી રહી છે.

સુત્રોના જણાવ્યા અનુસાર યોજનાના માળખામાં ફેરફારની સાથે તેનુ નામ બદલવા માટે પણ ચર્ચા ચાલી રહી છે. જો કે સમાચાર એજન્સી પીટીઆઈ ના જણાવ્યા અનુસાર કેબિનેટે મનરેગાનુ નામ બદલવા અને તેના હેઠળ કામકાજના દિવસો વધારવાની મંજુરી આપી છે. આ યોજનામાં સુધારાની જરૂરીયાત ઘણા કારણોસર હતી. ૧૦૦ દિવસના રોજગારનો કાનુની અધિકાર હોવા છતાં દેશમાં ફક્ત ૭ ટકા પરીવારોને જ ૧૦૦ દિવસનો રોજગાર મળે છે. સમયસર વેતન ચુકવણીનો અભાવ સૌથી મોટી સમસ્યા તરીકે ઉભરી આવ્યો છે. બેન્કીંગ અનિયમિતતાઓ અને વહિવટી વિલંબને કારણે ૧૫ દિવસની અંદર ચુકવણી કરવામાં આવતી નથી અને વિલંબ વળતર નજીવુ છે. ઘણા રાજયોમાં કરોડો રૂપીયાના વેતનની ઉચાપત કરવા માટે બનાવટી જોબકાર્ડ નો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાના કિસ્સાઓ નોંધાયા છે.

ફોટો અને ડેટા ડુપ્લીકેશન, ખોટી અપલોડીંગ અને ટેકનીકલ ભુલોને કારણે ડીઝીટલ હાજરી પ્રણાલીમાં ભુલો વધી છે. પરીણામે ઘણા રાજયોને ડીઝિટલ હાજરીને અસ્થાયી રૂપે સ્થગીત કરવાની અને મેન્યુઅલ ચકાસણી અપનાવવાની ફરજ પડી છે. મનરેગા હેઠળના ઘણા કામો ગામડાઓની વાસ્તવિકતા જરૂરીયાતો સાથે સુસંગત નથી, કેટલાક વિસ્તારોમાં નબળી ગુણવત્તાવાળા કામ જોવા મળ્યા છે. અથવા કામ અધુરૂ છોડી દેવામાં આવ્યુ છે. બજેટની મર્યાદાઓ, નબળા ઓડીટ અને સ્થાનિક સ્તરે ઢીલી દેખરેખ પણ સમસ્યાઓમાં ફાળો આપે છે. આ વિસંગતતાઓને દુર કરવા અને યોજનાને વધુ અસરકારક, પારદર્શક અને ભવિષ્યની જરૂરીયાતોને પ્રતિભાવ આપવા માટે સરકાર હવે એક વ્યાપક પુનઃગઠન પર વિચાર કરી રહી છે.

તાજેતરના સમયમાં યોજનાના નાણાંકીય માળખામાં પણ નોંધપાત્ર ફેરફારો કરવામાં આવ્યા છે. ભવિષ્યની પાણીની અછતને પહોંચી વળવા માટે કેન્દ્ર સરકારે આવતા વરસે દેશભરમાં ૧૦ મીલીયન નવા પાણી સંગ્રહ માળખા બનાવવાનુ લક્ષ્ય રાખ્યુ છે. આનો અમલ જનભાગીદારી અને મનરેગા હેઠળ ઉપલબ્ધ ભંડોળ દ્વારા કરવામાં આવશે. પાણીની કટોકટીથી સૌથી વધુ પ્રભાવિત ડાર્ક ઝોન જિલ્લાઓમાં, મનરેગા ભંડોળનો ૬૫ ટકા, પીળા ઝોનમાં ૪૦ ટકા અને સામાન્ય જિલ્લાઓમાં ૩૦ ટકા ભંડોળ ફક્ત પાણી સંરક્ષણ માળખા માટે ફરજીયાત કરવામાં આવ્યુ છે.

## સાબરકાંઠા જિલ્લામાં સશકત નારી મેળા આયોજન અંગે જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



મહિલા સશકિતકરણ તથા સ્વદેશીને પ્રોત્સાહન આપવાના આશયથી સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના સહકારી જીન અક્ષર ટીપી રોડ મેદાન ખાતે આગામી તારીખ ૨૧ થી ૨૩ ડીસેમ્બર દરમિયાન સશકત નારી મેળો યોજાશે. જેના સુચારૂ આયોજન અને અમલીકરણ અંગે જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરાની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી.

સહકારી જીન અક્ષર ટીપી રોડની બાજુના મેદાનમાં આ મેળાના આયોજન અંગે જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. સંભવતઃ જિલ્લા પ્રભારી મંત્રી પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતિમાં તારીખ ૨૧ ડીસેમ્બર ૨૦૨૫ ના રોજ સવારે ૧૦ કલાકે મેળાનો પ્રારંભ થશે. આ ત્રિદિવસિય મેળાનો સમય સવારે ૧૦ થી રાત્રીના ૧૦ કલાક સુધીનો રહેશે. આ મેળામાં મહિલા આર્થિક વિકાસ નિગમ, આઈસીડીએસ, મહિલા અને બાળકલ્યાણ, કૃષિ, સ્વસહાય જુથો, કુટીર ઉદ્યોગ, વન વિભાગ સહિત વિવિધ વિભાગોના અંદાજે ૫૦ જેટલા સ્ટોલ રાખવામાં આવશે. મહિલાઓ સંચાલિત ફુડ કોર્ટનુ પણ આયોજન કરવામાં આવશે. જેમાં જિલ્લાની વિશેષ અને સીઝન અનુરૂપ વાનગીઓ આકર્ષણનુ કેન્દ્ર બનશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારત, મહિલા નેતૃત્વનો વિકાસ અને સ્વદેશી સશકિતકરણના વિઝન સાથે યોજાનારા આ મેળામાં ડ્રોન દીદી, લખપતિ દીદી, મહિલાઓ દ્વારા ચલાવતા સ્ટાર્ટઅપ્સ, ઉદ્યોગ સાહસિકો, પ્રગતિશીલ મહિલા ખેડુતો વગેરેની સફળતા તથા સંઘર્ષ અંગે ઉપસ્થિતોને વાકેફ કરવામાં આવશે. સ્વદેશીને પ્લેટફોર્મ અને પ્રોત્સાહન પુરૂ પાડવાના આશયથી યોજાનારા આ મેળામાં વિવિધ ક્ષેત્રની અગ્રણી મહિલાઓ તેમના અનુભવોનુ આદાન પ્રદાન કરશે. મહિલા કેન્દ્રીત આજીવિકાને ઉત્તેજન આપવાના વિશેષ પ્રયાસો આ મેળામાં હાથ ધરવામાં આવશે. મહિલા મંડળ, મહીલા રાજકારણીઓ અને મહિલા અમલદારોની સાફલ્ય ગાથાઓની પણ આ મેળામાં ચર્ચા કરવામાં આવશે.

આ બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી,નાયબ વન સંરક્ષક, સહકારી મંડળીઓના રજીસ્ટ્રાર, નાયબ નિયામક (આત્મા) દેસાઈ, મહિલા બાળ અધિકારી, જિલ્લા લાઈવલી ફુડ મેનેજર તથા સંબંધીત સરકારી વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સુરત મહાનગરપાલિકા અને સુડાના રૂ.૨૪૯ કરોડના વિકાસકામોનું લોકાર્પણ અને રૂ.૧૦૯.૫૧ કરોડના કામોનું ખાતમુહૂર્ત

## શહેરી વિકાસ વર્ષની ઉજવણી અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સુરતવાસીઓને રૂ.૬૦૦ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ આપી

### અર્બન રિંગ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિ. (URDCL)ના અંદાજિત રૂ.૨૪૨ કરોડના વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરતા મુખ્યમંત્રીશ્રી

રાજ્યોના શહેરોના વિકાસને વેગ આપવા અને શહેરીજનોને વધુ સુવિધાઓ પૂરી પાડવાના ઉદ્દેશ સાથે શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ની ઉજવણી અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સુરત મહાનગરપાલિકા અને સુડા(સુરત શહેરી વિકાસ સત્તામંડળ)ના કુલ રૂ.૨૪૯ કરોડના વિકાસકામોનું લોકાર્પણ અને રૂ.૧૦૯.૫૧ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.



આ ઉપરાંત, મુખ્યમંત્રીશ્રીએ અર્બન રિંગ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિ.(URDCL) દ્વારા સાકારિત થનારા અંદાજિત રૂ.૨૪૨ કરોડના વિવિધ પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત કર્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે આયોજિત સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ સુરતવાસીઓને રૂ.૬૦૦ કરોડના વિકાસકામોની ભેટ આપી હતી.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશીપનો લાભ આજે સમગ્ર દેશની સાથે ગુજરાતને મળી રહ્યો છે. સમગ્ર ગુજરાત સહિત સુરત તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. સમગ્ર દેશમાં સુરતે સ્વચ્છતામાં ડંકો વાગાડ્યો છે ત્યારે સૌ લોકોને સ્વભાવમાં સ્વચ્છતા કેળવાય તે માટેની તેમણે હિમાયત કરી હતી.

સુરતનો આઉટ ડોર રીંગરોડ પુર્ણ થવાથી ટ્રાફિકમાં ઘટાડાની સાથે લોકોની સુવિધાઓમાં વધારો થશે. આજે દરેકક્ષેત્રે નાના માણસને કેન્દ્રમાં રાખીને વિકાસ આગળ વધી રહ્યો છે તેનો ઉલ્લેખ કરતા કહ્યું કે, એક સમયે એક લાખનું કામ કરવા માટે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો આજે એક કરોડના કાર્યો સરળતાથી થઈ રહ્યા છે. ગ્લોબલ વોર્મિંગના કારણે વરસાદની પેટન્ટ બદલાઈ છે ત્યારે એક પેડ માં કે નામ હેઠળ સૌને વૃક્ષોનું વાવેતર કરીને ગ્રીન કવરમાં વધારો કરવાનો અનુરોધ મુખ્યમંત્રીએ કર્યો હતો. વરસાદના પાણીનો પુર્ણ ઉપયોગ કરીને જળસંચયમાં સૌની સહભાગીદારીની અપેક્ષા પણ વ્યકત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના વિઝનને કારણે આજે કચ્છ બેસ્ટ ટુરિઝમ સ્પોટ બન્યું છે. એશિયાનો સૌથી મોટો ગ્રીન એનર્જી પાર્ક ખાવડા ખાતે સાકાર થયો છે. ઈઝ ઓફ લિવિંગ કેવી રીતે વધે તે માટેના પ્રયાસો અમારી સરકાર કરી રહી છે. એક સમયે રાજયના દરિયાકિનારા પ્રત્યે ઉદાસીનતા સેવાતી હતી આજે ગુજરાતનો દરિયા કિનારો સમૃદ્ધિનો ગેટવે બન્યો છે.

સુરત જિલ્લા પ્રભારી અને નાણાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૫-૨૬ માં રાજયના શહેરી વિસ્તારોના વિકાસ માટે રાજય સરકારે ૩૦ હજાર કરોડનું માતબર બજેટ ફાળવ્યું છે. નવી મહાનગરપાલિકાઓના વિકાસ માટે પણ રાજય સરકાર કટિબદ્ધ છે. મહાનગરપાલિકાની નવરચના સાથે જ બજેટ ઉપલબ્ધ કરાવાયું છે.

ગુજરાતમાં શહેરીકરણ ખુબ જ ઝડપથી થઈ રહયું છે. જેને અનુલક્ષીને માળખાકીય સવલતો અને વ્યવસ્થાનું આગોતરું આયોજન થયું છે. ભરૂચ અને ઉમરગામ વચ્ચે સુરત વિકાસનું કેન્દ્ર બિંદુ છે. જેથી વિવિધ ક્ષેત્ર વિકાસ, ટુરીઝમના કારણે બહોળા પ્રમાણમાં લોકો માટે રોજગારીનું સર્જન થાય છે. સુરત એ વિશ્વનું ખુબ જ ઝડપથી વિકાસ પામતું શહેર છે.

મહાનગર પાલિકા કમિશનર શાલિની અગ્રવાલે સૌને આવકારતાં જણાવ્યું હતું કે, સુરત શહેરમાં નવા વિસ્તારોમાં માળખાકીય સવલતો ઉભી કરવા રૂા.૬૦૦ કરોડના વિકાસ કામો ઉપયોગી બનશે. ૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહયું છે. અર્ન વેલ અને લીવ વેલના મંત્ર સાથે રીજીયોનલ ડેવલપમેન્ટ ના છ પ્લાનમાં દક્ષિણ ગુજરાતનું વિકાસ વિઝન ખુબ જ ઝડપથી લોન્ચ કરવામાં આવશે. જે વિકાસનો મહત્વનો રોડમેપ બનશે.

જાહેર સેવાઓનું ડિજિટલાઈઝેશન, જળ વ્યવસ્થાપનમાં સુધારો, સ્વચ્છતા અને જાહેર સ્વાસ્થ્યમાં વૃદ્ધિ તેમજ શહેરના માળખાકીય નેટવર્કને મજબૂત કરવા માટે વિકાસકામોની ભેટ આપી હતી. સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોનમાં બનેલા મુખ્ય પ્રકલ્પોમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ગંદા પાણીના નિકાલ માટે તૈયાર થનારો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ડ્રેનેજ લાઈન, હેલ્થ સેન્ટર, ફાયર સ્ટેશન, વેન્ડિંગ માર્કેટ તેમજ વરસાદી પાણીના નિકાલ માટે બોક્ષ કલ્વર્ટ સહિતના કાર્યોનું ખાતમુહૂર્ત કર્યું હતું. અર્બન રિંગ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ.ના આઉટર રીંગરોડ પ્રોજેક્ટ ફેઝ-૨ અંતર્ગત રૂા.૧૮૪.૨૦ કરોડના ખર્ચે સચિન-પલસાણા થી સચીન કડોદરા જંકશન આઉટર રિંગરોડનું કામ તથા રૂા.૫૭.૬૫ કરોડના ખર્ચે સુરત કડોદરા રોડ આઉટર રીંગરોડ પર ફલાય ઓવર બ્રિજ બનાવવાની કામગીરીના ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે. સુરત શહેરી વિકાસ સત્તામંડળ(સુડા) દ્વારા શહેરમાં ટ્રાફિક વ્યવસ્થાના ભાગરૂપે વિવિધ ટી.પી.સ્કીમ હેઠળ ચાર માર્ગીય રસ્તા, ડામર રોડ, રસ્તાના રીસર્ફેસિંગની કામગીરી સહિતના કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ અવસરે મુખ્યમંત્રીશ્રીના હસ્તે ભારત સરકારના ડિજિટલ ઈન્ડિયા મિશનને સાકાર કરતા સુરત મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને પાલિકાની વિવિધ સેવાઓ સરળ, ઝડપી અને પારદર્શક રીતે ઉપલબ્ધ કરાવવા માટે વોટ્સએપ ચેટબોર્ડની ઓનલાઈન પેમેન્ટ સુવિધાનું લોન્ચિંગ કર્યું હતું.

કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી, સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, મેયર દક્ષેશભાઈ માવાણી, ધારાસભ્ય સવશ્રી પુર્ણેશભાઈ મોદી, સંદિપભાઈ દેસાઈ, ઈશ્વરભાઈ પરમાર, કાંતીભાઈ બલર, સંગીતાબેન પાટીલ, ડે.મેયર નરેન્દ્રભાઈ પાટીલ, સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલ, જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી, કોપોરેટરો સહિત પદાધિકારીઓ, શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટ-કોટડાસાંગાણીના સાંઢવાયાની ગૌશાળાની ઘટના અંગે રાજ્ય સરકારની કાર્યવાહી

રાજકોટના કોટડાસાંગાણી તાલુકાના સાંઢવાયા ગામમાં આવેલી શ્રી રામગર બાપુ ગૌશાળામાં ગાયોના મૃત્યુની બનેલી દુઃખદ ઘટનાને ધ્યાને લઈને પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ સમગ્ર મામલાની ગંભીરતાથી નોંધ લીધી છે. મંત્રીશ્રીએ તાત્કાલિક અસરથી પરિસ્થિતિની દેખરેખ રાખવા અને ત્વરિત પગલાં લેવા માટે પશુપાલન વિભાગના અધિકારીઓને આદેશો આપ્યા છે. પશુપાલન મંત્રીશ્રીના આદેશથી ગાંધીનગર ખાતેથી પશુપાલન વિભાગની એક ઉચ્ચ-સ્તરીય ટીમ ઘટનાસ્થળે જવા રવાના થઈ છે, જે સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલ તા.૧૨ ડિસેમ્બરના રોજ સાંઢવાયા ગામની એક ગૌશાળામાં એક સાથે કેટલીક ગાયોના અગમ્ય કારણોસર મૃત્યુ થયા હતા. આ બાબતની જાણ થતા કોટડાસાંગાણી પશુચિકિત્સા અધિકારી અને પશુધન નિરિક્ષકની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે ગૌશાળાની મુલાકાત લેવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા સમજીને પશુપાલન મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ત્વરિત પગલાં લેવા પશુપાલન વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી. મંત્રીશ્રીના આદેશ બાદ રાજકોટ જિલ્લાના ૫ પશુચિકિત્સા અધિકારીઓ, ૭ પશુધન નિરિક્ષકો, પશુરોગ અન્વેષણ અધિકારી, નાયબ પશુપાલન નિયામકોને મળીને કુલ ૧૬ નિષ્ણાતોની ટીમ દ્વારા સારવારની કામગીરી રાઉન્ડ ધ કલોક શરૂ કરવામાં આવી હતી. આટલું જ નહીં, પશુ મૃત્યુના સાચા કારણની પુષ્ટિ કરવા માટે કુલ પાંચ પશુઓનું પોસ્ટમોર્ટમ એક્ઝામિનેશન કરીને સેમ્પલ એકત્ર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મૃત પશુઓને આપવામાં આવેલા ઘાસચારા, ખોળ, પાણી અને અન્ય ખોરાકના સેમ્પલ પણ FSL કચેરીએ મોકલવામાં આવ્યા છે. પ્રાથમિક દ્રષ્ટીએ પશુમરણનું કારણ ફૂડ પોઈઝનિંગ હોવાનું અનુમાન છે. મંત્રીશ્રીની સૂચના અનુસાર હાલમાં ગૌશાળાની બાકીની ગાયોને સુરક્ષિત રાખવા નિવારાત્મક પગલાં લેવામાં આવી રહ્યા છે અને અસરગ્રસ્ત ગાયોની સઘન સારવાર કરવામાં આવી રહી છે. સારવારમાં મદદ તથા વિશેષ ટિપ્પણી માટે જૂનાગઢ વેટરનરી કોલેજના પાંચ વિષય તજજ્ઞ તથા તેમની ટીમ પણ હાલ ગૌશાળા ખાતે કાર્યરત છે.વધુમાં, મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીના આદેશ અનુસાર પશુપાલન વિભાગની એક ઉચ્ચ-સ્તરીય ટીમને ઘટનાસ્થળે રવાના કરવામાં આવી છે. - નિતિન રથવી


**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

ઈ-ટેન્ડર નોટીસ નં. Sr.DEE/TR/ADI/27(2025-26) તારીખઃ 12.12.2025

**ડાયરેક્ટ કનેક્ટિવિટીના ઈલેક્ટ્રિફિકેશન અને સ્ટીલ ગર્ડરના બદલીકરણના સંબંધમાં OHE મોડિફીકેશન**

ટેન્ડર નં. TRD-ADI-T-12R-2025-26

**કામનું નામઃ** SBI-B લાઈન નં. ૯ થી ICD સુધી ડાયરેક્ટ કનેક્ટિવિટીના ઈલેક્ટ્રિફિકેશન અને એન્જિનિયરીંગ દ્વારા હાલના સ્ટીલ ગર્ડરને PSC U ટાઈપ સ્લેબથી બદલીકરણના સંબંધમાં OHE મોડિફિકેશન કરવાનું કામ.

**અંદાજીત પડતરઃ** ₹ ૯૩,૭૭,૧૨૩.૫૦/- | **અર્નેસ્ટ મનીઃ** ₹ ૧,૮૭,૬૦૦/-

**ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.૦૯-૦૧-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે તે પછી નહિં અને તા.૦૯-૦૧-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે.

**ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગતઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫.

**વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in ADI-229

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ x.com/WesternRly

# ડીવાયએસપી કક્ષાના અધિકારીથી લગાડી કોન્સ્ટેબલ સુધીના સ્ટાફ માટે ખાખી ભવન તૈયાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પોલીસના આઈપીએસ અધિકારીઓ માટે જે પ્રકારે સુવિધા સજ્જ આઈપીએસ મેસ કાર્યરત છે, બિલકુલ તેવી જ આધુનિક સુવિધાઓ હવે રાજયના ડીવાયએસપી, પોલીસ ઈન્સ્પેકટર, પોલીસ સબ ઈન્સ્પેકટર થી માંડીને કોન્સ્ટેબલ કક્ષાના કર્મીઓને પણ ઉપલબ્ધ થશે.




અમદાવાદ ગ્રામ્ય પોલીસ હેડ કવાર્ટર ખાતે નવનિર્મિત ખાખી ભવનનુ નિર્માણ થઈ ચુકયુ છે અને ટુંક સમયમાં તેનુ લોકાર્પણ કરીને પોલીસ અધિકારી અને કર્મચારીઓ માટે ખુલ્લુ મુકવામાં આવશે. રાજયના ખુણે ખુણે થી અવારનવાર કોર્ટ મુદત, તપાસ અથવા સરકારી કામકાજ અર્થે અમદાવાદ આવનાર અધિકારી કે કર્મચારીઓ માટે ખાખી ભવન ઉપયોગી બની રહેશે. આઈપીએસ કક્ષાના અધિકારીઓ અમદાવાદ શહેર કે આજુબાજુના જિલ્લામાં આવે ત્યારે તેમને ઉપયોગી બને તેવુ આઈપીએસ મેસ કાર્યરત છે. ગુજરાત રાજયમાં વિવિધ જગ્યાએ ફરજ બજાવતા ડીવાયએસપી, પોલીસ ઈન્સ્પેકટર, પોલીસ સબ ઈન્સ્પેકટર કક્ષાના અધિકારીઓ કે કોન્સ્ટેબલ કક્ષાના કર્મચારીઓ માટે મુદતે, તપાસ અર્થે કે અન્ય કામ માટે આવે ત્યારે હોટલ કે ગેસ્ટહાઉસમાં રોકાવવુ પડતુ હતું. ઉચ્ચ અધિકારીઓ સિવાયના અધિકારી અને કર્મચારીઓ માટે શહેરમાં યોગ્ય રોકાણની વ્યવસ્થામાં મુશ્કેલી પડતી હતી. જે અંગે રાજય પોલીસવડા વિકાસ સહાયે વિચાર કર્યા બાદ હવે આ સમસ્યાના કાયમી ઉકેલ રૂપે અમદાવાદ ગ્રામ્યના મકરબા ખાતે આવેલા પોલીસ હેડ કવાર્ટર ખાતે ખાખી ભવન બની ચુકયુ છે.

આ ભવનને આધુનિક હોટલ કે ગેસ્ટહાઉસ જેવુ સ્વરૂપ આપવામાં આવ્યુ છે જેમાં અધિકારીઓ અને કર્મચારીઓના આરામ દાયક રોકાણ માટે તમામ સુવિધાઓ સાથેના ૨૬ રૂમ બનાવવામાં આવ્યા છે. સાથે સાથે આધુનિક એમ્બીયન્સ ધરાવતુ કાફે, લોન્ડ્રી, પૌષ્ટીક આહાર મળે તે માટે કીચન, કેન્ટીન સહિતની તમામ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. તદ્દન આઈપીએસ મેસ કક્ષાના આ ખાખી ભવનનુ ટુંક સમયમાં ઉદ્ઘાટન થયા બાદ ડીવાયએસપી થી માંડીને કોન્સ્ટેબલ કક્ષાના લોકો તેનો ઉપયોગ કરી શકશે. ગુજરાત રાજયમાં પહેલીવાર આ પ્રકારનુ ભવન બનતા ગુજરાત પોલીસના નીચલા કેડરના કર્મચારીઓને પણ સન્માનજનક સુવિધાઓ પુરી પાડવાનો મુખ્ય ઉદેશ પુર્ણ થશે. ખાખી ભવનમાં વિશેષતા તરીકે જોઈએ તો આઈપીએસ મેસ માં ૧૬ રૂમ, લોન્જ, જીમ, મીટીંગ એરીયા અને જમવા સહિતની વ્યવસ્થા છે. આઈપીએસ મેસ જેવુ આબેહુબ ખાખી ભવન બની જતા ખાસ કરીને કોર્ટ મુદતે આવતા પોલીસ અધિકારી અને કર્મીઓને હવે રહેવા તેમજ જમવાની ચિંતા રહેશે નહી. ખાખી ભવનને ગુજરાત પોલીસના વેલફેર વિભાગનુ એક પ્રશંસનીય કદમ માનવામાં આવી રહ્યુ છે જેમાં અદ્યતન સુવિધાઓ સાથેના ૨૬ રૂમ બનાવવામાં આવ્યા છે. સાથે જ કોઈ ફંકશન કે ગેટ ટુ ગેધર કે પાર્ટી માટે રૂફ ટોપ કાફે, લોન્ડ્રી, મેસ , કીચન, કેન્ટીન સહિતની ઉત્તમ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

# હવે ગેરહાજર અને સ્થળાંતરીત મતદારો ફોર્મ નંબર ૬ ભરીને મતદાર યાદીમાં નામ સામેલ કરાવી શકશે

પ્રતિનિધિ,ગાંધીનગર



મતદાર યાદીની ખાસ સઘન સુધારણા (એસઆઈઆર) ઝુંબેશ અંતર્ગત ગુજરાતના તમામ ૧૮૨ વિધાનસભા મતવિસ્તારમાં ગણતરીના તબકકાની ૧૦૦ ટકા કામગીરી પુર્ણ થઈ ચુકી છે. આ તબકકાના છેલ્લા દિવસોમાં વિધાનસભા બેઠક દીઠ દરેક મતદાન મથકના બુથ લેવલ ઓફીસર (બીએલઓ) દ્વારા સ્થાનિક આગેવાનો અને માન્ય રાજકીય પક્ષના બુથ લેવલ એજન્ટ (બીએલએ) સાથે મીટીંગ કરીને તૈયાર કરાયેલી ગેરહાજર / સ્થળાંતરીત / મૃતક મતદારોની યાદી તૈયાર કરવામાં આવી છે. આ યાદી કલેકટર અને જિલ્લા ચુંટણી અધિકારીઓ તથા મુખ્ય નિર્વાચન અધિકારી (સીઈઓ) ની વેબસાઈટ પર પણ પ્રદર્શીત કરવામાં આવી છે. જે પણ મતદારોના નામ તેમના ભાગમાં આ એએસડી યાદીમાં સામેલ હોય તેઓ તેમનુ નામ હાલ જયાં રહેતા હોય તે વિધાનસભામાં દાખલ કરાવવા માટે ફોર્મ નંબર ૬ ભરીને તેમના ભાગના બીએલઓને આપી શકે છે. જે મતદારનુ નામ ગેરહાજર / સ્થળાંતરીત મતદારોની યાદીમાં નથી પરંતુ તેઓનુ તેમના જુના સરનામેથી કાયમી સ્થળાંતરીત થયુ હોય અથવા મતદાર યાદીમાં નોંધાયેલી વિગતોમાં ફેરફાર કરાવવાનો હોય તેવા મતદારો ફોર્મ નંબર ૮ ભરીને તેમના વિસ્તારના બીએલઓને આપી શકે છે.

# મંત્રીઓના કાર્યાલયે અધિક અંગત સચિવ સહિતનો વધારાનો સ્ટાફ ફાળવાયો

પ્રતિનિધિ,ગાંધીનગર




રાજય સરકારના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા કેટલાક મંત્રીઓના કાર્યાલયે અધિક અંગત સચિવ સહિતનો સ્ટાફ ફાળવવામાં આવ્યો છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના કાર્યાલયમાં ઉપસચિવ વેદાંત જોશીને અંગત મદદનીશ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે તેમજ રાજયના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલના કાર્યાલયમાં ઉપસચિવ તરીકે કિંતન ચૌધરીની નિયુકિત કરવામાં આવી છે જયારે રાજયના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના મંત્રી પ્રફુલ પાનસેરીયાના કાર્યાલયમાં નાયબ સચિવ તરીકે પ્રસુન પટેલ અને મહિલા અને બાળ કલ્યાણ વિભાગ ના મંત્રી ડો. મનિષા વકીલના કાર્યાલયમાં ઉપસચિવ તરીકે કિંજલ પંડયાની નિમણુંક કરવામાં આવી છે.

# રશિયા યુક્રેનનુ યુધ્ધ અટકયુ તો ઘટી જશે સોના ચાંદીના ભાવ: ગુજરાતના એકસપર્ટ એ જગાવી નવી આશા

પ્રતિનિધિ,ગાંધીનગર

સોના ચાંદીના ભાવમાં બરાબરની તેજી આવી છે. હવે તો ચાંદીના ભાવ પણ આસમાને આંબી રહ્યા છે. આવામાં કયા કારણોસર સોના ચાંદીના ભાવમાં તેજી આવી છે અને હવે આગળ શું થશે તે વિશે એકસપર્ટ સાથે ગરવી ગુજરાતની મુલાકાતે.




સોના ચાંદીના સતત વધતા ભાવ અંગે જવેલર્સ એસોસીએશન ઓફ અમદાવાદના પ્રમુખ જીગર સોનીએ ગરવી ગુજરાત સાથેની ઔપચારીક મુલાકાતમાં જણાવ્યુ હતુ કે દિવાળી તથા પુષ્યનક્ષત્ર સમયે ચાંદીનો ફીઝીકલ ભાવ ૨ લાખ રૂપીયા સુધી થયો હતો. પરંતુ દિવાળી બાદ ચાંદીના ભાવમાં ૧.૫૦ લાખ સુધીની ડીપ આવી હતી. બુલીયન ટ્રેડર્સ દ્વારા ડીપ દરમિયાન ખરીદીની સલાહ અપાઈ હતી. આ ડીપ બાદ સોનુ અને ચાંદી ઓલ ટાઈમ હાઈ સપાટી તરફ અગ્રેસર થયુ છે. સોના અને ચાંદીના વધતા ભાવ પાછળ વૈશ્વિક કારણો જવાબદાર છે તેવુ તેમણે જણાવ્યુ હતું. વધુમાં તેમણે કહ્યુ હતુ કે જાપાનમાં ચાલી રહેલો રીસેશન નો સમય મુખ્ય કારણભુત છે. યુએસની ઈકોનોમી હાલ ટેરીફ પર આધારીત હોવાનુ જવાબદાર છે, ડોલરમાં ઘટાડો થાય અને બ્રિકસ દ્વારા સોના સામે કરન્સી આપવામાં આવે તો ભાવ ઘટે, યુરોપીયન કન્ટ્રી દ્વારા ડોલર સામે બોન્ડમાં ખરીદી કરવામાં આવે તો ભાવ ઘટે, બીટકોઈનમાં ઘટાડો નોંધાતા લોકો સુરક્ષિત રોકાણ માટે સોના તરફ વળતા સોનાના ભાવ અચાનક વધ્યા છે. રશિયા યુક્રેનનુ યુધ્ધ સમાપ્ત નહી થાય ત્યાં સુધી સોના ચાંદીના ભાવ નહી ઘટે,

હાલ વર્તમાન ભાવમાં ઘટાડો નોંધાય તો સોના ચાંદીમાં રોકાણની વેપારીઓની સલાહ છે. ચાંદીનો ઉપયોગ સોલાર પેનલ, ઈવી સહિતના ઉદ્યોગોમાં થતા ભાવ હજુ વધુ ઉંચા જશે, દિવાળી પહેલા ચાંદી ૩ લાખ અને સોનુ ૧.૭૦ લાખ જવાની શકયતા છે. સોનાના વધતા ભાવને પગલે ખરીદી પર અસર થઈ રહી છે. હાલ માર્કેટમાં સોનાના ૧૮ કેરેટ અને ૨૨ કેરેટની ખરીદીમાં ધરખમ ઘટાડો થયો છે. ગ્રાહકો ૯ કેરેટ અને ૧૪ કેરેટ સોનાની ખરીદી તરફ વળ્યા છે. વર્તમાન ભાવ દેશના સોનુ ખરીદતા ગ્રાહકો પચાવી શકતા નથી. હવે તો ચાંદીના ભાવે તમામ રેકોર્ડ તોડયા છે. ઈતિહાસમાં પહેલીવાર ચાંદી ૨ લાખને પાર જશે, ૧ કિલો ચાંદીના ભાવ ૨ લાખ ૫૧૦ રૂપીયા થયો છે. આજે સોનાના ભાવ પણ આસમાને પહોચ્યા છે. સોનાનો ભાવ લગભગ ૨૫૦૦ વધીને ૧ લાખ ૩૪ હજાર ૯૬૬ થયો છે. સોનાનો ૧૦ ગ્રામનો ભાવ ૧ લાખ ૩૫ હજારની આસપાસ પહોચ્યો છે. જો તમે ચાલુ વરસે જાન્યુઆરીમાં ૧ લાખ રૂપીયાની ચાંદી ખરીદી હોત તો આજે તેની કિંમત બમણી થઈ ગઈ છે. તેની કિંમત એટલીબધી વધી ગઈ છે કે તે વિશ્વની પાંચમી સૌથી મોટી સંપત્તિ બની ગઈ છે.

ડીસેમ્બરમાં યુએસ સેન્ટ્રલ બેન્ક, ફેડરલ રીઝર્વ દ્વારા વ્યાજદરમાં ઘટાડો થવાની અપેક્ષાઓએ બજારના સેન્ટિમેન્ટ ને વેગ આપ્યો છે. નીચા વ્યાજદરો ચાંદી જેવી બિનઉપજ આપતી સંપત્તિઓ રાખવાની તક ખર્ચ ઘટાડે છે. જે રોકાણકારો માટે વધુ આકર્ષક બનાવે છે. જીયોજીત ઈન્વેસ્ટમેન્ટના કોમોડીટી રીસર્ચના વડા હરેશ વી કહે છે કે સતત ફુગાવા વચ્ચે યુએસ ફેડરલ રીઝર્વ દ્વારા મુખ્ય વ્યાજદરોમાં ૨૫ બેસીસ પોઈન્ટનો ઘટાડો કરીને ૩.૫૦ ટકા-૩.૭૫ ટકા કરવાનો નિર્ણય કિંમતી ધાતુઓમાં તેજીની ભાવનાને મજબુત બનાવે છે. નીચા દરો સોના અને ચાંદી જેવી બિનઉપજ આપતી સંપત્તિઓ રાખવાની તક ખર્ચ ઘટાડે છે. નવા રોકાણ પ્રવાહને આકર્ષિત કરે છે. બુલીયન પહેલેથી જ રેકોર્ડ ઉંચાઈ પર છે. તેથી આ નીતિ પરીવર્તન તેજીને વધુ વેગ આપે છે. કારણ કે રોકાણકારો આર્થિક અનિશ્ચિતતા અને ફુગાવાના દબાણ વચ્ચે સલામત આશ્રયસ્થાન સંપત્તિઓ શોધે છે.

## બહુચરાજીમાં ભાજપના જ ડેલીગેટે કૌભાંડ કર્યા હોવાના લાગ્યા આરોપ

# દાહોદ, બનાસકાંઠા બાદ વધુ એક મહેસાણા જિલ્લામાં આવ્યું મનરેગા કૌભાંડ: ભાજપના નેતા પર લાગ્યો ગંભીર આરોપ

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતના દાહોદ,બનાસકાંઠા બાદ વધુ એક મહેસાણા જિલ્લામા મનરેગા કૌભાંડ બહાર આવ્યુ છે. જિલ્લાના બહુચરાજી તાલુકામાં મનરેગા કૌભાંડ બહાર આવ્યુ હોવાના આક્ષેપો ઉઠયા છે. ભાજપના ડેલીગેટ અને રાંતેજ જિલ્લા પંચાયત સીટના સભ્ય વિરેન્દ્રસિંહ ઝાલા પર ગંભીર આરોપ લાગ્યા છે. આ આક્ષેપો બહુચરાજી તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ પ્રહલાદસિંહ ઝાલાએ કર્યા છે. તેમનુ કહેવુ છે કે વિરેન્દ્રસિંહ ઝાલાએ પોતાના તેમજ પોતાના પરીવારના સભ્યોના નામે જોબકાર્ડ બનાવડાવ્યા હતા અને તેના માધ્યમથી મનરેગા યોજનાનો લાભ લીધો હતો. વધુમાં તેમણે આક્ષેપ કર્યો હતો કે એક જ કામને વારંવાર બતાવીને નાણાંનો દુરુપયોગ કરવામાં આવ્યો છે. આ કૌભાંડથી ભાજપના સ્થાનિક નેતૃત્વમાં ભુકંપ આવ્યો છે અને તે રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે. મનરેગા યોજના ગ્રામિણ વિસ્તારોમાં રોજગાર પુરો પાડવા અને ગરીબી નિવારણ માટે કેન્દ્ર સરકારની મહત્વની યોજના છે. આવી યોજનામાં રાજકીય નેતાઓ કે તેમના પરીવારજનો દ્વારા જોબકાર્ડ બનાવી લાભ લેવો એ ગંભીર ભ્રષ્ટાચારનુ પ્રતિક માનવામાં આવે છે. તાજેતરમાં જ મહેસાણા જિલ્લામાં જ અન્ય મનરેગા કૌભાંડો બહાર આવ્યા છે. જેમ કે ખેરાલુ તાલુકાના ચાચરીયા ગામમાં રૂપીયા ૨૩ લાખનુ કૌભાંડ, જયાં કાગળ પર કામ બતાવી નાણાં ઉપાડવામાં આવ્યા હતા. જો કે આ આક્ષેપો પર વિરેન્દ્રસિંહ ઝાલાની કોઈ પ્રતિક્રિયા મળી નથી.

# શિક્ષણથી વંચિત: સિંચાઈથી પણ વંચિત ૮ કિ.મી. દુર વિદ્યાર્થીઓ ચાલીને જાય છે: પ્રભારી મંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ખાનપુર ભાજપ પ્રમુખે મંત્રીને વિકાસનો અરીસો બતાવ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર




મહિસાગર જિલ્લામાં ભાજપના નેતાઓ તેમનો વિસ્તાર વિકાસથી વંચિત રહ્યો હોય તેવી વાત કરતા રાજકીય ગરમાવો આવી જવા પામ્યો છે. ખાનપુર તાલુકાના ભાજપ પ્રમુખ વિનોદ માલીવાડે પ્રભારી મંત્રી પી સી બરંડા સમક્ષ કરેલી ખુલ્લી રજુઆતનો વિડીયો હાલ સોશીયલ મીડીયામાં પુરજોશમાં વાયરલ થઈ રહ્યો છે. જેના કારણે રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે. ખાસ વાત એ છે કે ભાજપના જ તાલુકા પ્રમુખે ભાજપ સરકાર અને તંત્ર વિરૂધ્ધ વિકાસના મુદ્દાઓ પર ખુલ્લેઆમ પ્રશ્નો ઉઠાવ્યા છે. વણઉકેલ્યા પ્રશ્નોની વણઝાર રજુ કરી મહિસાગર જિલ્લાના લુણાવાડામાં યોજાયેલી ભાજપની બૃહદ બેઠક દરમિયાન ખાનપુર ભાજપ પ્રમુખ વિનોદ માલીવાડે સ્પષ્ટ શબ્દોમાં પોતાની વાત રજુ કરી હતી અને ઉભરો ઠાલવ્યો હતો. તેમણે પ્રભારી મંત્રી પી સી બરંડા સામે ખાનપુર તાલુકાના લાંબા સમયથી વણઉકેલ્યા પ્રશ્નોની વણઝાર રજુ કરી હતી. તાલુકામાં કોલેજની સુવિધાનો અભાવ, ગામડાઓમાં પુરતી બસ વ્યવસ્થા હોવી જોઈએ તેમજ સિંચાઈના અધુરા પડેલા કામોને લઈ તેમણે નારાજગી વ્યકત કરી હતી. આદિજાતિ દાખલા મામલે નારાજગી વ્યકત કરી સૌથી મોટો આક્રોશ તેમણે આદિજાતિના દાખલા મુદ્દે વ્યકત કર્યો હતો. વિનોદ માલીવાડે જણાવ્યુ હતુ કે આદિજાતિ સમાજને લગતા પ્રશ્નોમાં નેતાઓ માત્ર વાયદા કરીને જતા રહે છે. પરંતુ જમીન પર કોઈ વાસ્તવિક કામગીરી થતી નથી. આ મુદ્દે તેમની રજુઆતમાં સ્પષ્ટ અસંતોષ જોવા મળ્યો હતો. ભાજપના હોદ્દેદાર દ્વારા પ્રભારી મંત્રી સમક્ષ કરવામાં આવેલી આવી ખુલ્લી રજુઆતનો વિડીયો સોશીયલ મીડીયામાં વાયરલ થતા જ મહિસાગર જિલ્લા ભાજપમાં આંતરીક અસંતોષ ખુલ્લો પડી ગયો છે. આ ઘટનાએ જિલ્લાના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે.

# ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ તા.૧૬ થી ૧૮ ડીસે.સુધી ૪ જિલ્લાના અભ્યાસ પ્રવાસે જશે: આ અંદાજ સમિતિ સોમનાથ મંદિર અને સાસણ ગીરની મુલાકાત લેશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ તારીખ ૧૬ થી ૧૮ ડીસેમ્બર ૨૦૨૫ દરમિયાન સૌરાષ્ટ્ર વિસ્તારના જામનગર, દેવભુમિ દ્વારકા, પોરબંદર અને ગીર સોમનાથ જિલ્લાના અભ્યાસ પ્રવાસે જશે. જે અંતર્ગત આ સમિતિ અભયારણ્ય અને મરીન નેશનલ પાર્ક સહિતના વિવિધ સ્થળોની મુલાકાત કરીને સામાજિક વનીકરણ, વૃક્ષારોપણ, દરીયાઈ સૃષ્ટીના જતન સંવર્ધન, એશિયાટીક સિંહોના વ્યવસ્થાપન સહિતના મુદ્દાઓ પર સંબંધીત અધિકારીઓ સાથે સમિક્ષા બેઠક કરશે.

આ ઉપરાંત સમિતિના સભ્યો સ્થાનિક નાગરીકો સાથે વિવિધ મુદ્દાઓ પર સંવાદ કરશે તેવુ ગુજરાત વિધાનસભા સચિવાલયની યાદીમાં જણાવાયુ છે. યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર આ સમિતિ સંભવિત તારીખ ૧૬ ડીસેમ્બર મંગળવારના રોજ જામનગર ખાતે આવેલા વનતારાની મુલાકાત લેશે. બીજા દિવસે તારીખ ૧૭ ડીસેમ્બર ના રોજ દેવભુમિ દ્વારકા ખાતે આવેલા મરીન નેશનલ પાર્ક અને પોરબંદરના બરડા અભયારણ્ય ની મુલાકાત લેશે. પ્રવાસના અંતિમ દિવસે એટલે કે તારીખ ૧૮ ડીસેમ્બર ના રોજ આ અંદાજ સમિતિ સોમનાથ મંદિર અને સાસણ ગીરની મુલાકાત લેશે.



# રાજયની શાળાઓમાં શિયાળામાં વિદ્યાર્થીઓના કોઈપણ ગરમ કપડા માન્ય રાખવા શાળાઓને આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર



શિયાળાની સીઝનમાં વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારના અને રંગના ગરમ કપડા પહેરીને શાળાએ જઈ શકશે, વિદ્યાર્થીઓએ પહેરેલા આ પ્રકારના કોઈપણ ગરમ કપડાને માન્ય રાખવા માટે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા તમામ જિલ્લા શિક્ષણ અધિકારી અને પ્રાથમિક શિક્ષણાધિકારીઓને શાળાઓને સુચના આપવા જણાવવામાં આવ્યુ છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં હાલ શિયાળો તેના અસલ રંગ માં છે. ઠંડીનો પારો ૧૩ ડીગ્રી સુધી પહોચી ગયો છે. વહેલી સવારે અને રાત્રે ફુલગુલાબી ઠંડી પડી રહી છે. આ સ્થિતિમાં સવારની શાળાના બાળકોની સ્થિતી દયનીય બની ગઈ છે.

બાળકો માટે ગરમ કપડા પહેરવા ફરજીયાત બની ગયુ હોય તેવી સ્થિતિ છે. ત્યારે કેટલીક શાળાઓ તેઓએ નકકી કરેલા અને ચોકકસ પ્રકાર તેમજ કલરના ગરમ કપડા પહેરવાની બાળકોને ફરજ પાડી રહયા છે. જેના કારણે વાલીઓ પર ગરમ કપડાના ખર્ચાનુ ભારણ વધ્યુ છે તો બીજી તરફ કમિશનનો ધંધો કરી રહેલી ગરમ કપડા વહેચતી દુકાનો અને શાળાઓને ઘી કેળા થઈ ગયા છે. તેઓ દ્વારા નકકી કરેલા ચોકકસ પ્રકારના અને કલરના ગરમ કપડા આવકનુ સાધન બની ગયુ છે. ત્યારે શાળાઓ દ્વારા નકકી કરાતા ચોકકસ પ્રકારના અને કલરના ગરમ કપડામાંથી બાળકોને છોડાવવા અને વાલીઓ પરનો વધારાનો ખર્ચો ઘટાડવાના હેતુથી પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા સ્થાયી સુચના બહાર પાડીને વિદ્યાર્થીઓ પોતાના ઘરે થી જ પણ ગરમ કપડા પહેરીને આવે તેને માન્ય રાખવા જણાવી દેવામાં આવ્યુ છે.

કોઈપણ શાળા વિદ્યાર્થીને ચોકકસ પ્રકારના કે રંગના ગરમ કપડા પહેરવાની ફરજ પાડી શકશે નહી, ઉપરાંત ઋતુ આધારીત આ સુચનાનુ કાયમી ધોરણે પાલન થાય તે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીને તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સુચના આપવા જણાવવામાં આવ્યુ છે.

# જોતા રહી ગયા ઠગ: બેંક મેનેજરની સતર્કતાથી ડિજિટલ અરેસ્ટ થયેલા દંપત્તિના બચી ગયા ૧.૫૦ કરોડ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાત સહિત દેશમાં ડિજિટલ અરેસ્ટના નામે થઈ રહેલી છેતરપિંડીના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. અમદાવાદમાં વધુ એક ઘટના બની છે, જેમાં ૮૪ વર્ષીય નિવૃત્ત સરકારી અધિકારી અને તેની પત્નીને ૧.૫૦ કરોડ રૂપિયાની છેતરપિંડીથી છેલ્લી ઘડીએ બચાવી લેવામાં આવ્યા છે. પરંતુ આ દંપત્તિ પાસેથી ઠગોએ ૪૨ લાખ રૂપિયા પડાવી લીધા છે. બેંક મેનેજરની સતર્કતા અને એક પોલીસ અધિકારીની ત્વરિત કાર્યવાહીથી મોટું નુકસાન ટળી ગયું છે. આ છેતરપિંડીની શરૂઆત ૮ ડિસેમ્બરે થઈ, જ્યારે વૃદ્ધ વ્યક્તિને વોટ્સએપ પર એક કોલ આવ્યો. કોલ કરનારે ખુદને પ્રદીપ કુમાર જણાવતા અદાલતના લાઈઝનિંગ અધિકારી હોવાનો દાવો કર્યો. તેમણે વૃદ્ધને જણાવ્યું કે તેનું નામ એક ખાનગી એરલાઈન સાથે જોડાયેલા મની લોન્ડ્રિંગના મામલામાં સામે આવ્યું છે અને તેમણે એક ઓનલાઈન કોર્ટમાં હાજર થવું પડશે. કોલરે પતિ-પત્ની બંનેને ઘરથી બહાર ન નીકળવાની અને અંદર કોઈને ન આવવા દેવાની ચેતવણી આપી હતી. તેના થોડા સમય બાદ દંપત્તિને એક વીડિયો કોલથી જોડવામાં આવ્યા, જેમાં સ્ક્રીન પર જજ, વકીલ અને અદાલતનો સ્ટાફ જોવા મળ્યો હતો. પરિજનોનું કહેવું છે કે કોલરે જજ બની તેની કથિત રીતે તેમના નામે ખુલેલા ૨૨૭ બેંક ખાતા વિશે પૂછપરછ કરી. દંપત્તિએ ઈનકાર કર્યો, પરંતુ તેમને ધમકાવવામાં આવ્યા અને સહયોગ ન કરવા પર ગંભીર કાયદાકીય કાર્યવાહીની ધમકી આપવામાં આવી. ત્યારબાદ ઠગોએ દંપત્તિને ડિજિટલ અરેસ્ટ કર્યા. વૃદ્ધ વ્યક્તિને ફોનની સામે બેસવાનું કહેવામાં આવ્યું, જ્યારે તેમના પત્નીને નાણાકીય ટ્રાન્ઝેકશનની જવાબદારી આપવામાં આવી. છેતરપિંડી કરનારાઓએ કહ્યું કે તેમના પૈસાની ચકાસણી કરવાની જરૂર છે અને તપાસ પૂર્ણ થયા પછી જ તેઓ કેસમાંથી મુક્ત થશે. દંપતી ઓનલાઈન બેંકિંગનો ઉપયોગ કરતા ન હોવાથી, તેમને RTGS દ્વારા પૈસા ટ્રાન્સફર કરવાનું કહેવામાં આવ્યું. ૯ ડિસેમ્બરે, મહિલા એક બેંકમાં ગઈ અને રૂ.૨૧ લાખ ટ્રાન્સફર કર્યા. બીજા દિવસે, તેઓએ બીજી બેંકમાંથી રૂ.૨૧ લાખ ટ્રાન્સફર કર્યા. કારણ કે છેતરપિંડી કરનારાઓ પાસે તેમના ખાતાઓ વિશે સંપૂર્ણ માહિતી હતી, તેથી દંપતી માનતા હતા કે તે એક કાનૂની પ્રક્રિયા છે. ત્યારબાદ ઠગોની નજર તે ૧.૫૦ કરોડ રૂપિયા પર પડી, જે દંપત્તિના એક ખાતામાં તાજેતરમાં સંપત્તિ વેચવાને કારણે આવ્યા હતા. જ્યારે મહિલાએ આટલી મોટી રકમ ટ્રાન્સફર કરવામાં ખચકાટ દર્શાવ્યો, ત્યારે છેતરપિંડી કરનારાઓએ તેને કેસ અને ભારે દંડની ધમકી આપી. ફરીને મહિલા બેંક પહોંચ્યા, પરંતુ ત્યાં બેંક મેનેજરને ટ્રાન્ઝેક્શન શંકાસ્પદ લાગ્યું. મેનેજરે પોલીસ અધિકારીને બોલાવ્યા, જેમણે મહિલા સાથે ઘરે જઈ સ્થિતિ જોઈ.